




ઓધવ સાગર




February - 2014

www.neeviaPDF.com

ODHAV SAGAR February - 2014
Posting Date : 20 /21st of Every Month
RNI Reg. No. MAHMUL 2009/37844
Posting Under Reg. No. MH/MR/North East.252/2014-16


## મનુ ઓટો

TATA MOTORS

TATA AUTHORISED SERVICE CENTER

FEATURES

- All Services under one roof including Major accident jobs.
- Original TATA Genuine Spares.
- Skilled and trained technicians.
- Quick Vehicle Insurance and Claim Settlement
- Service and Insurance reminders.
- Tools & Software diagnosis tool for EUro-3 cars.



પ્લોટ નં. ૪૫, સેક્ટર નં. ૧૯/એ, દાણા બંદર ગેટ નં. ૨ની સામે, વાશી, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૫.
ફોન : ૦૨૨ - ૨૭૮૪ ૦૫૬૪ / ૬૫ ફેક્સ : ૦૨૨ - ૨૭૮૪ ૦૫૬૦

## ચેતન મોટર્સ

MARUTI SUZUKI Count on us

"A" GRADE MARUTI AUTHORISED SERVICE STATION

FEATURES

- All services under one roof including Major accident jobs.
- Original Maruti Genuine Spares (MGP).
- Skilled and trained technicians.
- Quick Vehicle Insurance and Claim Settlement.
- Service and Insurance reminders.
- Latest TECH-2 diagnosis tool for EURO-3 Cars.



પ્લોટ નં. ૪૫, સેક્ટર નં. ૧૯/એ, દાણા બંદર ગેટ નં. ૨ની સામે, વાશી, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૫.
ફોન : ૦૨૨ - ૨૭૮૪ ૦૫૬૪ / ૬૫ ફેક્સ : ૦૨૨ - ૨૭૮૪ ૦૫૬૦


*If Not Delivered Please Return to*

To,

**Odhav Sagar Karyalay**
Shree Odhavram Satsang Mandal.
Kanji Manji Estate, Homeguard
Narayan Nagar, Ghatkopar (W),
Mumbai - 400 084.

Printed, Published, owned, Edited by : Manji Khiyashi Bhanushali & Printed at Odhav Graphics , 4/Dawde Chawl,
New Pant Nagar, 90 feet Road, Ghatkopar (E), Mumbai 400 075.
Published at : G-19 Manali Apt.,B Wing, Netaji Palkar Marg, Ghatkopar (W), Mumbai - 400 086



બુંદ બુંદ સે બનતા સાગર...

ODHAV SAGAR - MONTHLY

# ઓધવ સાગર

Volume - 5 • Issue - 7 • February - 2013 • Pages : 60 • Yearly Subscription Rs. 200/-

સંતવાણીમાં ઉમટ્યો માનવ મહાસાગર,
સોનેરી ક્ષણ અંકિત કરતું ઓધવ સાગર,
ગૌ સેવાની સૌરભ પ્રસરી સૌના હૈયે,
વંદન વંદન ભાનુશાલી જ્ઞાતિ સાગર.



www.madhyapdf.com

# ગુરૂ સાગર...

## સંબંધ સાગર



સંબંધ કોઈપણ હોય પરન્તુ તેમાં બન્ધન તો છે જ. સંબંધ અને સંબંધીઓનાં નામ પણ હોય છે. માતા - પુત્રનું નામ તથા માતા - પુત્રનો સંબંધ એવું નામ એવી જ રીતે પિતા - પુત્ર, પતિ - પત્નિ, ભાઈ-ભાઈ, શત્રુ-મિત્ર, શત્રુ-શત્રુ, મિત્ર - મિત્ર. આવા તો અનેક સંબંધો તથા સંબંધીઓ ગણાવી શકાય છે. અને આવા પ્રત્યેક સંબંધોમાં બંધનો પણ છે જ. આવા બંધનોનાં, આવા સંબંધોના સારા - માઠા પરિણામો પણ હોય છે. સુખ - દુઃખ આદિ તેનાં ફળો પણ સૌને ભોગવવાનાં રહે છે. સુખાદિ ફળો ભોગવવા ભોગાયતન શરીર ધારણ કરવા જન્મવું પણ પડે છે. જન્મ, જીવન અને મરણ આ સાંકળ તો ખરીજ. કેટલાક સંબંધો ક્ષણીક બંધાય છે તો કેટલાક દીર્ઘકાલીન પણ હોય છે. સંબંધો કોઈક સારા નરસા સ્વાર્થને લઈને પણ બંધાતા હોય છે. કેટલાક સંબંધો સ્વાર્થ-હાનીને લઈને બંધાતા હોય છે, જેમકે શત્રુ સંબંધ. બે મિત્રો અચાનક શત્રુ બની જાય. એનો અર્થ એ થયો કે સ્વાર્થમાં ક્યાંય હાની અથવા તો કોઈ અવરોધ થયો અને મિત્ર સંબંધને બદલે શત્રુ સંબંધ નિર્માણ થયો. સંબંધ માટે બે પાત્રો હોવા જરૂરી બને છે. સંબંધો માટે ભેદ હોવું જરૂરી છે. કેટલાક ભેદવાળા સંબંધો અભેદમાં વિરમે છે. જેમકે ગુરૂ - શિષ્ય અથવા તો ભક્ત અને ભગવાન. કેટલાક સંબંધો એવા હોય છે જેમાં લેણાદેણી પૂરી થતાં સંબંધી દૂર થઈ જાય છે, પરંતુ મનમાં સંબંધી અને સંબંધોની છાપ દૂરગામી હોય છે. જેમકે પતિ - પત્નિ, ગુરૂ-શિષ્ય આદિ. આવા સંબંધો મૃત્યુ પર્યન્ત રહે છે. કેટલાક એવા પણ સંબંધો અનુભવની એરણે ખરા ઉતર્યા છે જેમાં મૃત્યુ ઉપરાંત અનેક જન્મો પર્યન્ત સંબંધોની છાપો જળવાઈ છે. સંબંધો સુખ - દુઃખદાઈ પરિણામ પ્રદાયક, બંધનકર્તા પણ નિવડી શકે છે, તેમ સંબંધો સુખ-દુઃખથી પરે મુક્તિદાતા પણ નિવડી શકે છે. સંબંધોમાં પ્યાર - પ્રેમ - સ્નેહની સરવાણીનો સુમેળ સર્જાય તો સંબંધોનાં બંધનો સર્વ સમસ્યાઓથી મુક્ત થવાના સાધનોની ગરજ સારે છે. આ વિશ્વ ફલક પર આપણે એકલા તો નથી જ, માટે સંબંધો વગર જીવવું ભારી દુષ્કર છે, આ જડ - ચેતન વિશ્વનું કોઈએ સર્જન કર્યું છે. આ વિશ્વનો કોઈ સર્જક - જનક છે. માટે જનકજન્ય અને જન્મનો સંબંધ પ્રારંભથી જ છે. આ વિશ્વ સર્જકનું સ્નેહલ સર્જન છે. આ વિશ્વ સ્નેહનું સર્જન છે. સંબંધોમાં સ્નેહ જોડી રાખવાની ભૂમિકા નિભાવે છે. સ્નેહનું પૂરક બળ નબળું પડતાં સંબંધો નબળા પડે છે. જેમ યંત્રનાં ભાગોમાં તેલ ઓછું થતાં કર્કશ અવાજ આવે છે તેમ સ્નેહ નબળું પડતા સંબંધોમાં કર્કશતા આવે છે. સ્નેહાળ સંબંધોનો સથવારો સરળતાથી, સહજતાથી, સુગમતાથી જીવન યાત્રાના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવામાં ઉત્તમ ભૂમિકા પૂરી પાડે છે. સંબંધોમાં બન્ને દિશાએથી સ્નેહ સરવાણીઓ પ્રવાહિત થાય તો પરમ ચેતનાની, કૃપા સરવાણી - કરૂણા સરવાણી પણ એમાં ભળે છે. જેથી ઉત્તમ સ્નેહાળ સરિતા સર્જાય છે. આ સ્નેહાળ સરિતા, આ પ્યારની - પ્રેમની ગંગા છેલ્લે પરમ ચેતનારૂપી ગંગા સાગરમાં એક થતાં જીવન ધન્ય બને છે. જીવન સાર્થક બને છે. જીવન સફળ બને છે. સ્નેહવાળા સંબંધો જીવ- શિવનું મિલન કરાવે છે. સ્નેહાળ સંબંધો જીવ - શિવથી અભિન્ન છે એવો બોધ કરાવે છે. સ્નેહાળ સંબંધો નિર્બંધ અવસ્થાએ પહોંચાડે છે. ભેદવાળા સ્નેહાળ સંબંધો અભેદની અનુભૂતિ કરાવે છે. રાધા અને શ્યામ, મીરા અને શ્યામ, શબરી અને રામ, રામ અને હનુમાન તથા આપણે અને વાલરામ, આપણે અને ઓધવરામ આદિ આવા અનેક સ્નેહાળ સંબંધો કાવ્યો, પુરાણો અને ઈતિહાસના પાને આલેખાયેલા છે. સંબંધો જ્યારે સ્નેહ શૂન્ય બને છે, સંબંધોમાં અમર્યાદિત સ્વાર્થ ભળે છે, સ્નેહ જ્યારે સ્વકેન્દ્રિત બને છે ત્યારે સંબંધો નિરસ, શુષ્ક અને તિરાડવાળા બને છે. સંબંધોમાં તિરાડો પડે છે. આવા શુષ્ક સંબંધો સુખનું શોષણ કરે છે. પાત્રોનું જીવન નિરસ તથા દુઃખદ બને છે. જીવન યાત્રા અંતિમ ધ્યેય સુધી પહોંચતાની પહેલે જ સમેટાઈ જાય છે. જીવન અસફળ બને છે. જીવન નિરર્થક બની જાય છે. જીવન ભાર બને છે. જીવન મૃત્યુને વરે છે. માટે જ સ્નેહલ અવતાર, પ્રેમાવતાર ભગવાન વાલરામ - ઓધવરામને પ્રાર્થના કરીએ, અમારા જીવનને સ્નેહ સભર - સ્નેહ તરબોળ કરો. અસ્તુ

**જય ઓધવરામ... જય વાલરામ...**



વર્ષ : ૫ અંક : ૭

**ઓધવ સાગર**

ફેબ્રુઆરી : ૨૦૧૪

વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦

આજીવન લવાજમ રૂા. ૧૦૦૦

: કાર્યાલય :
શ્રી કચ્છી ભાનુશાલી
ઓધવરામ સત્સંગ મંડળ
ઓધવધામ હોલ, કાનજી મનજી એસ્ટેટ, હોમગાર્ડ, નારાયણ નગર, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૮૪
ફોન : ૨૫૧૦ ૮૬૧૨
odhavsagar@yahoo.in

:જાહેરખબરના દર :

| | વાર્ષિક | માસિક |
|---|---|---|
| ૧ પાનું | રૂા. ૧૧૦૦૦ | ૧૫૦૦ |
| ૧/૨ પાનું | રૂા. ૬૦૦૦ | ૧૦૦૦ |
| ૧/૪પાનું | રૂા. ૪૦૦૦ | ૭૦૦ |

: તંત્રી :
શ્રી મનજી ખીંયશી ભાનુશાલી
૯૩૨૩૮૯૦૦૧૩

: કાર્ય. તંત્રી :
શ્રી હેમરાજ હરિરામ ખાનીયા
૯૮૧૯૧૯૮૬૨૬

: કાર્ય. સહતંત્રી :
શ્રી લક્ષ્મીદાસ જેરામ કટારીયા
૯૮૧૯૭૩૩૦૮૮

: તંત્રી મંડળ :
શ્રી રતનશી રામજી ગજરા
શ્રી ડુંગરશી પરસોત્તમ દામા
શ્રી ખટાઉ નારાણજી હંજડા
શ્રી રામજી કલ્યાણજી ધુકેર

: પરામર્શ :
શ્રી પ્રફુલભાઈ જોષી

મુદ્રક :ઓધવ ગ્રાફીક્સ, ૪. દાવડે ચાલ, ન્યુ પંતનગર, ૯૦ ફીટ રોડ, સાગર ટાઈલ્સની સામે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ -૭૫
ફોન : ૨૧૦૨ ૯૬૧૦ / ૩૨૬૪ ૦૩૬૨ ફેક્સ : 2102 9610
email : odhavgraphics@gmail.com


# તંત્રી સ્થાનેથી...

ગતાંકમાં પૂ. હરિદાસજી મહારાજ લિખિત ઉત્સવ સાગર વાંચ્યું. ખરેખર લેખને અનુરૂપ ઉત્સવ ઉજવાયો. ૩૮મી વાર્ષિક સંતવાણીની રાત્રીએ શેઠિયાનગરની ભૂમિ પર અભૂતપૂર્વ ઉત્સવ ઉજવાયો 'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી છે આપની...' કવિ કલાપીની રચનાની યાદ તાજી થઈ ગઈ. જ્યાં જ્યાં નજર નાખો ત્યાં જ્ઞાતિગંગાના દર્શન તથા ગૌભક્તો - સંતવાણી પ્રેમીઓનો પ્રવાહ. ચાર ચાર દાયકાના વહાણા વાયા પણ જ્ઞાતિજનોનો સંસ્થા પ્રેમ એવો ને એવો અખંડ રહ્યો. સંસ્થા પર અનેક ઉતાર - ચઢાવ આવ્યા પણ જ્ઞાતિજનોના પ્રેમ પ્રવાહમાં કોઈ ઓટ આવી નથી. માતૃશક્તિએ સંતવાણીમાં હાજરી આપી વીરાટ શક્તિના દર્શન કરાવ્યા. જ્ઞાતિની મહિલાઓનો શિરસ્તો રહ્યો છે કે જયારે જયારે સંસ્થા પર સંકટ આવ્યું છે ત્યારે ત્યારે વિશાળ સંખ્યામાં હાજરી આપી સંસ્થા માટે અભેદ કિલ્લેબંધી કરી છે. પધારેલ માતૃશક્તિનો આભાર માનવા કોઈ શબ્દો જડતા નથી. માત્ર નત મસ્તક વંદન કરું છું.

સંસ્થા દ્વારા થયેલ કાર્યક્રમોમાં જે ઐતિહાસિક ગણી શકાય એમાં પ્રથમ સંતવાણી, ડુંગર ઉપર સંતવાણી, મનાલી સોસાયટીમાં સંતવાણી, હોમગાર્ડમાં સંતવાણી, શહીદોં કો સલામી, રેલી, ભાગવત સપ્તાહ, ભાનુ ગૌરવ એવોર્ડ સમારંભ, શેઠિયાનગરમાં ૪૫ દિવસનું રસોડું, શેઠિયાનગરનું અતિક્રમણ હટાવવા માટેની રેલી, અસલ્ફા ભાનુશાલી વાડી પર સરકારી વજ્રઘાત વખતે મોરચાનું એલાન, સ્વર્ગસ્થ શ્રી વેલજી સરપંચ વખતે નલિયામાં જ્ઞાતિ ગૌરવ સરઘસ જેવી અનેક યાદગાર પળોએ સંસ્થાની હાકલ પડી ત્યારે જ્ઞાતિજનોએ હોંકારો ભર્યો અને દરેક આયોજનને ભવ્ય સફળતા અપાવી. આવો જ હોંકારો આ વખતે ઉમટી પડેલા માનવ મહેરામણે આપ્યો. છેલ્લા બે મહિના દરમ્યાન શ્રી મનજી બાપુ તથા સંસ્થાના સેવકોએ કરેલો જનસંપર્ક સાર્થક થયો એવું મને લાગે છે.

આજે પણ અનેક જ્ઞાતિજનો ગરીબી તથા મુશ્કેલીભર્યા વાતવરણમાંથી પસાર થઈ, પ્રગતિ કરી મુંબઈમાં ઠરી ઠામ થયા છે. પણ એ દર્દનાક ભૂતકાળ ભૂલ્યા નથી. જયારે જયારે જ્ઞાતિજનોને કોઈ આફત આવી ત્યારે ત્યારે શ્રી મનજી બાપુ તેમના સાથીદારો સાથે જ્ઞાતિજનોની પડખે ઉભા હતા. તેથી જ સંસ્થાની હાકલ પડતાં આજે પણ હજારોની સંખ્યામાં જ્ઞાતિજનો અચૂક હાજર થઈ જાય છે. ગૌસેવા એ વર્તમાનમાં સંસ્થાનું અગ્રીમ કાર્ય છે. ભૂતકાળમાં જેટલા પણ કાર્ય થયા તેની યાદી મેં ગતાંકમાં લખી હતી તે બધા જ કાર્ય સમાજસેવા અંતર્ગત નથી આવતા ? ચોક્કસ આવે છે.

જ્ઞાતિમાં ક્યારેક એવી સમસ્યાઓ આવે છે કે જેનો ઉકેલ મુશ્કેલ હોય છે ત્યારે શ્રી કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ આવી બાબતોને ધ્યાનમાં લઈ તેનો ઉકેલ લાવવા કોશિષો કરે છે. તેવી કોશિષોનું લીસ્ટ એટલું લાંબુ છે કે જેનો અંત આવે નહીં. એ તમામ સમસ્યાઓ એવી હતી કે જેનો ઉકેલ લાવવા કોઈ આગળ આવે નહીં અને આવે તો યશ મળવાની શક્યતા ઓછી અને અપયશના પોટલા બાંધવા પડે. શ્રી મનજીબાપુએ સંસ્થાના માધ્યમથી આવા અનેક અપયશના

પોટલા પોતાના શિરે લઈને જ્ઞાતિસેવા કરવાનું અવિરત ચાલુ રાખ્યું છે જેની નોંધ કદરદાન જ્ઞાતિજનો પાસે આજે પણ છે. જેનું પ્રમાણ છે ૨૫મી જાન્યુઆરીની સંતવાણીમાં જ્ઞાતિજનોની વિશાળ હાજરી.

ઉમટેલા જ્ઞાતિ સાગરથી મારું મુંબઈનું ગામ, શેઠિયાનગર પાવન થયું. મારા ગામવાસીઓ (શેઠિયાનગર વાસીઓ) ધન્ય થયા કે અમને જ્ઞાતિજનોની સેવા કરવાનો અણમોલ અવસર પ્રાપ્ત થયો. ઓધવરામ સત્સંગ મંડળ ગૌસેવાનું કાર્ય જરૂર કરે છે પણ જ્ઞાતિ વિકાસ તથા જ્ઞાતિની એવી સમસ્યાઓ કે જેનો હલ કરવા જાઓ તો અપયશનું ભૂત મળે તેવા કાર્યો માટે પણ સંસ્થા સદૈવ તત્પર છે અને રહેશે. સંગઠન એ સંસ્થાનું મુખ્ય લક્ષ્ય છે જેનાથી બધા કાર્યો રૂડા રૂપાળા છે.

ફરીથી સંસ્થાનો અરીસો ઓધવસાગર છે જેના પાયા મજબૂત કરવા સેલ્વાસના ૫૫ જ્ઞાતિજનોએ સભ્ય બનવાનું વચન આપ્યું તેમ ઓધવસાગરના મેમ્બર બની, જાહેરખબર આપી વિકાસમાં સહભાગી બનો. કચ્છના પ્રવાસ વખતે રાતાતળાવની મુલાકાત લઈ આ વખતે કાર્યક્રમમાં સ્ક્રીન ઉપર જે દૃશ્યો જોયા તે ગૌસેવાનું જીવંત દર્શન કરવા વિનમ્ર વિનંતી. જ્ઞાતિગંગા કી જય... ગૌમાતા કી જય ...

## સંસ્થાના સેવકોનો ગુજરાત પ્રવાસ

૩૮મા વાર્ષિક મહોત્સવની ઉજવણીની તૈયારી નિમિત્તે સંસ્થાના સેવકો શ્રી નાનજી જેઠાલાલ કટારમલ-નલિયા, શ્રી મુરજી કચરાજ મંગે-નલિયા, શ્રી શંકરલાલ લાડક માવ - બીટ્ટા, ગુજરાતના વિવિધ શહેરોમાં જ્ઞાતિજનોને આમંત્રણ આપવા ગયા હતા. સૌ પ્રથમ સુરતમાં શ્રી નાનજી ગોપાલજી ગોરી-મોથાળાવાલાને ત્યાં ગયા. તેમણે સુંદર આવકાર આપ્યો અને સેવકો સાથે જોડાયા. સુરત ભાનુશાલી મિત્ર મંડળના લગભગ ૨૫ જેટલા જ્ઞાતિજનોને મળી આયોજન વિશે માહિતી આપી. સુરતના જ્ઞાતિજનોએ તન-મન-ધનથી સહયોગી થવાની ખાત્રી આપી. પ્રવાસના આગલા ચરણમાં અંકલેશ્વર - ભરૂચ ભાનુશાલી મિત્ર મંડળના ૧૫ સભ્યો સાથે મુલાકાત થઈ. કાર્યક્રમનું આમંત્રણ આપ્યું અને તેમણે ખુબ જ સારો પ્રતિસાદ આપ્યો. એવી જ રીતે સચિન ભાનુશાલી મિત્ર મંડળના ૨૫ જ્ઞાતિજનોને મળ્યા તેમણે પણ આયોજનમાં સહભાગી થવાની ખાત્રી આપી.

એ પછી સંસ્થાના સેવકો બીલીમોરા, નવસારી, ચીખલી, વલસાડ, વાપી, સેલવાસ, દમણ, સરીગામ, ધરમપુર, બારડોલી, ઉમરગામ વગેરે શહેરોમાં વસતા જ્ઞાતિજનો, સમાજના મોભી મહાનુભાવોને મળ્યા. સૌના તરફથી સુંદર પ્રતિસાદ સાંપડ્યો. સંસ્થાપક શ્રી મનજીબાપુની ગેરહાજરીની સૌએ નોંધ લીધી પણ અલગ અલગ ટીમોએ અલગ અગલ કાર્ય કરવાનું હતું એટલે તેમની અનુપસ્થિતિને પણ સૌએ સ્વીકારી ઉત્તમ સહયોગ આપ્યો હતો. આમ સંસ્થાના સેવકોનો ગુજરાત પ્રવાસ ખૂબ જ સફળ રહ્યો. ત્યાં વસતા જ્ઞાતિજનોએ ગૌસેવામાં સહયોગી થવા જે સંસ્થાપ્રેમ દર્શાવ્યો એ ખુબ જ પ્રશંસનીય છે સૌ જ્ઞાતિજનોને ખૂબ ખૂબ ધન્યવાદ.

**સ્વ.ગં.સ્વ. માતુશ્રી**
**પાર્વતીબેન મોનજી મેઘજી**
**હુરબડા- હાજાપરના**
**આત્મ કલ્યાણાર્થે તેમના**
**પરિવાર તરફથી**
**રૂા. ૫૧૦૦૦/-**
**ગૌસેવાર્થે અર્પણ**



**સંતશ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળ**

તા. ૩૧.૧.૨૦૧૪

**ગૌસેવાનો સ્કોરબોર્ડ**

**૧૬૪૨**

# શ્રી કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ દ્વારા આયોજિત તથા શ્રી બારદાન વેપારી મંડળ અને શ્રી બારદાન સિલાઈ કામદાર સંઘનાં સહયોગથી



## ૩૮મો વાર્ષિક મહોત્સવ

## સહૃદય આભાર

*અવસરની શોભા બનનારાં, ભાવ અમારો સ્વીકારો*
*શબ્દો સઘળાં ઓછાં પડશે, મૌન હૃદય સ્વીકારો*



૩૮મા વાર્ષિક મહોત્સવ - સંતવાણીમાં શેઠિયાનગર ખાતે ૨૫મી જાન્યુઆરીના રોજ અકલ્પનીય માનવ મહેરામણ ઉમટ્યો એ માત્રને માત્ર બાપા ઓધવરામની પ્રેરણા અને આશીર્વાદને આભારી છે. હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહી માતૃશક્તિએ ગૌમાતા માટેનો પ્રેમ દર્શાવી ભારતીય નારીનું ખમીર દાખવ્યું એ બદલ....

### માતૃશક્તિને નત્મસ્તક વંદન...

શેઠિયાનગર પધારેલા સર્વે સંસ્થાપ્રેમીઓની મુલાકાત વખતે તેમણે કાર્યક્રમમાં હાજર રહેવાનું આપેલું વચન શત્ પ્રતિશત પાડ્યું છે એ બદલ આભાર વ્યક્ત કરવા શબ્દો ઓછાં પડે છે. ધારણાથી બમણી સંખ્યામાં પધારેલા સંસ્થાપ્રેમીઓની મહેમાનગતિમાં કચાશ રહી ગઈ હશે જેનો સ્વીકાર કરીએ છીએ.

સંસ્થાની ચાર દાયકાની લાંબી સફરમાં અનેક ચઢાવ - ઉતાર વખતે સંસ્થાએ સ્વીકારેલ ગૌસેવાને હૃદયસ્થાને બિરાજીત કરી આપ સૌના પીઠબળનું પ્રમાણ સંતવાણીમાં તમોએ પુરૂં પાડ્યું છે. આવનારા સમયમાં આવશ્યક સુધારા લાવી કાર્યક્રમમાં રહેલી ક્ષતિઓ દૂર કરવા અમે વચનબદ્ધ છીએ. મુંબઈના સ્થાનિક દરેક મંડળોનો આભાર વ્યક્ત કરવા સંસ્થાપક શ્રી મનજીબાપૂ તથા સંસ્થાના સ્વયંસેવકો રૂબરૂ મળી ખુલ્લા દિલથી ચર્ચા કરશે તથા સંસ્થાના વિકાસ માટે આપના બહુ મુલ્ય સૂચનોની નોંધ લેશે.

૩૮મા વાર્ષિક મહોત્સવ-સંતવાણીની સફળતા માટે આભાર માનીએ છીએ... પ.પૂ. સંતશ્રી હરિદાસજી મહારાજ, પૂ. શ્રી ચત્રભોજ બાપા, તથા અન્ય સંતો મહંતો, મુખ્ય યજમાન ઈલોરા ગ્રુપ-ગજરા ગ્રુપ, સહયજમાન માતુશ્રી ભચીબાઈ સુંદરજી ભદ્રા પરિવાર, મહાપ્રસાદના યજમાન શ્રી નવિનભાઈ કોઠારી પરિવાર, પ્રસાદના યજમાન શ્રી ધનજીભાઈ નારાણજી ભદ્રા, સમારંભ પ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી કટારીયા, માતૃસંસ્થાના પ્રમુખશ્રી શંભુરામ ધનજી માવ, ટ્રસ્ટીગણ તથા પદાધિકારીઓ, ગામોના મહાજનો, મંડળો, દાનની ઝોળી છલકાવનારા દાતાશ્રીઓ, ગોર કરનારા ભજન પ્રેમીઓ, ગિરધરભાઈ ભાનુશાલી, ઓશમાણ મીર, સંગીતાબેન લાબડીયા, દાસ શ્યામ, વિશ્રામ ગઢવી તથા અન્ય કલાકારો, જૈન, રઘુવંશી, બ્રાહ્મણ, ગઢવી, ચારણ, પટેલ, પ્રજાપતિ, ક્ષત્રિય, મરાઠી સમાજના ભજનપ્રેમીઓ, વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ, કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્રમાંથી પધારેલા મહેમાનો, આશાપુરા મિત્ર મંડળ, કાજુવાડી મિત્રમંડળ, શેઠિયાનગર મિત્ર મંડળ, શેઠિયાનગર મહિલામંડળ, સાઉન્ડ સિસ્ટમવાળા રામભાઈ, મંડપ ડેકોરેટર્સ દાજીભાઈ, ફોટોગ્રાફર નવિનભાઈ વમોટીવાળા, કેટરર્સ શિવા મહારાજ તથા જેમનો નામોલ્લેખ રહી ગયો હોય એવા સૌ સંસ્થાપ્રેમીઓનો સહૃદય આભાર... આભાર... આભાર...

**(મુંબઈ સમાચાર : તા. ૨૮.૧.૨૦૧૪-મંગળવાર)**

---

### ૩૮મા વાર્ષિક મહોત્સવ - સંતવાણી પ્રસંગે

**શ્રી આસુભાઈ લાલજી વડોર પરિવારનું સ્મૃતિચિહ્ન અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એમના તરફથી માતબર રકમનું દાન આપવામાં આવ્યું તે બદલ આભાર.**

(મુંબઈ સમાચાર : તા. ૩૦.૧.૨૦૧૪-ગુરૂવાર)

# આભાર તમારો



આજથી ચાર દાયકા પહેલા સર્વપ્રથમ વાર ભારાપર ભાદરાવાલી ગામના શિવમંદિરના નિર્માણાર્થે પ્રથમ સંતવાણી રાખી હતી. ત્યારથી આ વર્ષ સુધી ઓધવરામ સત્સંગ મંડળ પોતાની સમજ મુજબ આ કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે. ૩૮ વર્ષની અવિરત યાત્રામાં સૌ સંસ્થાપ્રેમીઓએ આપેલા સહયોગ બદલ સૌનો ખૂબ ખૂબ આભાર.

જ્ઞાતિજનોએ મને સંસ્થાપક, બાપૂ, કચ્છ કેસરી જેવા ઈલ્કાબોથી નવાજયો પણ હું સદૈવ સંસ્થાનો એક અદનો સેવક રહ્યો છું અને રહીશ. જેમ જેમ સમય વિતતો ગયો તેમ તેમ નવી નવી વિચારધારાઓ આવતી ગઈ અને સંસ્થાની કાર્ય પદ્ધતિમાં સુધારો થતો ગયો તેમજ વિસ્તૃતિકરણ પણ થયું, છતાં પણ મારું લક્ષ્ય એનું એ જ છે કે જ્ઞાતિમાં સંગઠનના માધ્યમથી વિકાસના કાર્યમાં સહભાગી થવું.

ચાર દાયકાની સામાજિક સફરમાં અનેક મિત્રોનો સાથ સહકાર મળ્યો. મારી કર્મભૂમિ કાજુવાડી મિત્ર મંડળે તથા મારી ધર્મપત્નીએ ખભેખભા મિલાવી સાથ આપ્યો એ બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું. અહીં એક વાત કહેવાનું મન થાય છે કે જયારે જયારે વિચારધારા બદલાઈ ત્યાંથી જ્ઞાતિના વિકાસનો નવો માર્ગ શરૂ થયો. વિચારવિમર્શ કરતી વખતે કદાચ કોઈની સાથે મતભેદ થયો હશે પણ મનથી કોઈને મેં મારાથી દૂર નથી સમજ્યા. મારા જીવનમાં સાથ સહકાર આપનારા દરેક મિત્રો, જ્ઞાતિજનો મારા હૃદય સ્થાને છે. માત્ર તેમની જોવાની દૃષ્ટિની જરૂર છે. હું તો એમજ સમજું છું કે હું તો હોમગાર્ડની ભૂમિ પર મજુરી કરનારો એજ સામાન્ય મનજી છું. મારી એવી કઈ વિસાત ? પણ તમે મને અનેક પ્રસંગોએ સન્માનિત કરી મારી શાન વધારી છે. ભાઈબંધ જ્ઞાતિઓમાં પણ મારી જે કંઈ આન, બાન, શાન છે તે સર્વે મારા મિત્રોના સહયોગને આભારી છે.

હવે વાત કરીએ સંતવાણીની, તો મેં ઘણાના મુખે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે 'મનજી બાપુના ભજન - ૨૫મી જાન્યુઆરી એ છે' એમ સાંભળ્યું છે. આ કાંઈ મારું ઓછું સન્માન કહેવાય ? બારદાન સિલાઈ કામદાર તથા વેપારીઓના સહયોગથી ચાલતી સંતવાણી, આયોજક ઓધવરામ સત્સંગ મંડળ, ખર્ચ પુરું પાડનારા જ્ઞાતિજનો અને સંતવાણી મારા નામે ? મને લાગે છે કે આ તમારા સૌનો મને મળેલો પ્રેમ છે.. આદર છે.. સન્માન છે...

ભાઈઓ .... જ્ઞાતિજનો જયારથી મેં સમાજસેવાના ક્ષેત્રમાં ઝંપલાવ્યું છે ત્યારથી આજ દિવસ સુધી દરેક પળે પળે મને સન્માનિત કર્યો છે પણ આજે ૩૮મા વાર્ષિક મહોત્સવ પ્રસંગે શેઠિયાનગરમાં જે માનવ મહેરામણ ઉમટયો હતો તે અભૂતપૂર્વ હતો. તેનાથી હું ગદ્ગદ્ થયો છું. કાર્યક્રમ અગાઉ સંસ્થાના સેવકો સંગાથે વિવિધ સ્થળોએ લીધેલી જ્ઞાતિજનોની મુલાકાત સફળ થઈ છે એવું લાગી રહ્યું છે. અકલ્પનિય જનસંખ્યા તથા માતૃશક્તિએ પધારી મને જન્મોજન્મનો ઋણી બનાવ્યો છે. પધારેલ જનતાની વ્યક્તિગત સ્વાગત કરવાની તમન્ના પણ પુરી ન થઈ પણ મંચ પરથી પણ સંસ્થા દ્વારા પધારેલા મહેમાનોનું યથોચિત સન્માન ન થઈ શક્યું એવું મારું માનવું છે તો આ સ્થળેથી પધારેલ તમામ જનતાનો હું ક્ષમાપ્રાર્થી છું. આભારી છું. સાથે સાથે વચનબદ્ધ પણ છું કે માત્ર બે પાનાના લખાણથી આભાર માની બેસી નથી રહેવું પણ જ્ઞાતિ વિકાસ તથા સંગઠન જે હંમેશા મારા જીવનનો મહામંત્ર છે એને હું અનુસરતો રહીશ. મારા અંતર આત્માના અવાજ મુજબ સમાજના દરેક વિકાસ કાર્યો પાછળનો એક ને એક માત્ર રહસ્ય એ સંગઠન છે. સમજણ સાથેનું સંગઠન જ્યાં જ્યાં જીવંત હશે તે સમાજ જે ધારશે તે કાર્ય કરી શકશે.

**શાયદ તરીકા બદલા હૈ, લેકિન હમારા તેવર વહી હૈ ।**

કાર્ય કરવાની પદ્ધતિમાં સમયાનુસાર ફેરફાર થયો છે પણ લક્ષ્ય તો ફક્ત સંગઠન જ છે. જે જ્ઞાતિમાં જન્મ લીધો છે તેના માટે જીવવું અને મરવું એ મારા જીવનનો મહામંત્ર આમરણાંત રહેશે. ફરીથી જ્ઞાતિના મંડળોમાં વધુ જાગૃતિ લાવવાની ઈચ્છા છે. જ્ઞાતિજનો સાથે બેસવું છે. મનની ઈચ્છાઓ પ્રગટ કરવા શબ્દો ઓછા પડશે પણ ૨૫મી જાન્યુઆરી સંતવાણીમાં ઉપસ્થિત

રહેલા સૌનો આભાર આવતી ૨૫મી જાન્યુઆરી સુધી જ્ઞાતિજનોની મુલાકાત દરમ્યાન માનતો રહીશ. માતૃશક્તિ, બાળકો, યુવાનો, વાનપ્રસ્થીઓ, મારા મિત્રો તથા સંસ્થાપ્રેમીઓ આ કાર્યક્રમની સફળતાનો યશ તમને સૌને અને કંઈ કચાશ રહી ગઈ હોય તો એ સ્વીકારી લઈને હું સૌનો આભાર માનું છું. ગૌસેવા, વડીલોએ ચીંધેલો સંસ્કાર છે. ઋષીમુનિઓએ બતાવેલ માર્ગ છે. એને અનુસરવું એ આપણો ધર્મ છે. ખુદ ભગવાન કૃષ્ણ પરમાત્માએ પણ ગૌસેવાને અગ્રતાક્રમ આપેલ હતો. ભાનુશાલી જ્ઞાતિ પણ ગૌસેવાના આ કાર્યને સદૈવ અગ્રતા આપે એવી વિનમ્ર વિનંતી.

*- મનજી ખીંયશી ભાનુશાલી*

**ઓધવસાગરમાં પ્રગટ થતાં લેખોના વિચારો જે તે લેખના લેખકના પોતાના છે. ઓધવસાગરનું તંત્રીમંડળ તેની સાથે સહમત છે એમ માનવું નહીં.**


॥ જય શ્રી ગણેશાય નમઃ ॥

મમતા જ્વેલર્સ

ચાંદી સોનારો

દરેક પ્રકારના લેટેસ્ટ ડિઝાઈનમાં દાગીના ઓર્ડરથી કે.ડી.એમ.નાં તદન વ્યાજબી મજુરીથી બનાવી આપીશું તથા તમારા ઈચ્છા અનુસાર કોમ્પ્યુટર સર્ટીફાઈડ કરીને મળશે. મળો તમારી સેવામાં સદાય

**મમતા જ્વેલર્સ**

દુકાન નં. ૩, પ્રથમ કૃપા બિલ્ડીંગ, પારેખ એપાર્ટમેન્ટ સામે, ડિસેલવા કમ્પાઉન્ડની બાજુમાં, એન. એસ. એસ. રોડ, હિમાલય સોસાયટી, નલિયાવાલા હોલ પાસે, ઘાટકોપર (વે.) મુંબઈ - ૮૪.

મો. ૯૮૨૧૭ ૮૭૬૩૪ (દુકાન) ૩૨૯૨ ૪૮૦૧

આપના અભિલાષી

હરજી લાલજી માવ / અરૂણ હરજી માવ / દિપક હરજી માવ

(વમોટી મોટી વાલા)





KK





**M/S. KISHORKUMAR KANJI & CO.**

**New & Old Gunny Bags Merchant**

Plot no.26, 1st Lane, Vasant Market Yard,
SANGLI - 416416.
Email: kishorkumarkanji@gmail.com

**KANJIBHAI BHANUSHALI ✸ RAJESH BHANUSHALI**

Mobile: 09325446601/2/3/4/5, 09422407949
Landline: (0233) 2671915, 2645425, 2346507

**SRI TIRUPATHI TRADERS**

**New & Old Gunny Bags Merchant**

Plot no.15, Rajendra Gunj,
RAICHUR - 584102.

**GOPAL BHANUSHALI - RAJESH BHANUSHALI**

Mobile: 09448914017, 09448633446
Landline: (08532) 236370, 236255

**M/S. RAJESH TRADING CO.**

**New & Old Gunny Bags Merchant**

Opp. New RTO Office, Near Kupwad MIDC,
SAWALI - 416410.
Email: rajeshtradingrtc@gmail.com

**NEELDHARA RICE TRADERS**

**Rice, Grain, Pulses Merch. & Comm. Agents**

P-3, A.P.M.C. Market - II, Vashi
NAVI MUMBAI – 400 703.

: Mobile:
074981 44141
098194 87605

# એક યાદગાર ઈતિહાસ ... ૩૮ મી સંતવાણી તા. ૨૫.૧.૨૦૧૪





તા. ૨૫.૧.૨૦૧૪ને શનિવારે રાત્રે શેઠિયાનગર ખાતે જે સાકાર થયું એ ફક્ત કોઈ ભજનની રાત્રી અથવા સંતવાણી નહોતી પણ ઈશ્વર કૃપા તથા ગુરૂવર્યની હાજરીનો અહેસાસ હતો. નજરે જોયેલ, કાને સાંભળેલ આ સંતવાણીએ ખરેખર ઈતિહાસ રચી દીધો. ઓધવસાગરના ગતાંકમાં સંતવાણી વિશે પ્રગટ થયેલ લખાણ જાણે અક્ષરશઃ સાકાર પામ્યું. સંસ્થાના સેવકોનો બાપા ઓધવરામ પરનો અતૂટ વિશ્વાસ શતઃ પ્રતિશત સિદ્ધ થયો આ સંતવાણીની સફળતાનું વર્ણન લખવા શબ્દકોષના ખજાના ખૂટી જાય... કલમની શાહી ખૂટી જાય... અને સમય ઓછો પડે... એવી અપાર જનશક્તિએ આ સંતવાણી શોભાવી હતી.

૨૫મી જાન્યુઆરી - ૩૮મી વાર્ષિક સંતવાણી એટલે ચાર દાયકાના સત્કર્મના સરવાળા, પધારેલા આબાલ વૃદ્ધ જનતા તથા માતૃશક્તિની સંખ્યાએ શેઠિયાનગરની ભૂમિને સિમિત સાબિત કરી દીધી. ગેટ પર વેલેટ પાર્કીંગથી લઈને મંચ પર આમંત્રીત મહાનુભાવોની વ્યવસ્થા એમ દરેક વ્યવસ્થા ટુંકી પડી. જેમ બારે મેઘ વરસે ને પછી નદીઓ ગાંડીતૂર બની જાય ને ઘૂઘવાટા કરતી આગળ વધે તેમ સંસ્થા પ્રેમીઓનો પ્રવાહ માનવ મહેરામણમાં બદલાઈ ગયો.

માનવ મહેરામણ શબ્દ દરેક જગ્યાએ લખાય છે પણ એનો ખરો અર્થ ૨૫ મી જાન્યુઆરીની રાતે સમજાયો. મહેરામણ એટલે મહાસાગર. જેમ મહાસાગરનું કોઈ માપ નથી તેમ આવેલ મહેમાનોની સંખ્યાનું કોઈ માપ કે અંદાજ લખવું ભૂલ ભરેલું ગણાય. શેઠિયાનગરના મુખ્ય દ્વાર પાસે જ વેલેટ પાર્કીંગ માટેનું કાઉન્ટર હતું પણ ૯૦ ફીટ રોડ આસપાસ એક કિલોમીટરનો વિસ્તાર ગાડીઓથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. આ વ્યવસ્થા પણ ટુંકી પડી. પ્રવેશ દ્વારમાં આગળ વધતા સત્કાર સ્થળે શ્રી મનજીબાપુ સાથે અરવિંદ ભાનુશાલી, સમીર ભાનુશાલી તથા અન્ય સેવકો પધારેલા મહેમાનોનું સ્વાગત કરતા હતા. પણ વિશાળ જનસંખ્યાને સંપૂર્ણ ન્યાય આપવું મુશ્કેલ બની ગયું. થોડુંક આગળ વધીએ ત્યાં મહાપ્રસદાની વ્યવસ્થા કેપ્ટન શ્રી રમેશ માધવજી કટારીયાની સંપૂર્ણ ટીમ









જેમાં નાનજી હીરજી મંગે - ધનાવાડા, શંભુરામભાઈ - નરેડી, દામજીભાઈ - નરેડી, પરસોત્તમભાઈ - ભવાનીપર, પ્રવિણભાઈ - ભવાનીપર, ભરતભાઈ - તેરા, દયારામ પ્રધાન -જંગડીયા, કાકુભાઈ મેંઘર કાર્યરત હતા. પધારેલ સંસ્થાપ્રેમીઓને ચા-પાણી, મહાપ્રસાદની વ્યવસ્થામાં પણ મુશ્કેલી પડી છતાં સૌએ અમારી અધુરાશને નિભાવી લીધી.

ભજનના ગ્રાઉન્ડમાં પ્રવેશતા શ્રી ઉમરશીભાઈ, શ્રી નાનજીભાઈ, શ્રી રાઘવજીભાઈ, શ્રી કાનજીભાઈ (પ્રમુખ શ્રી શેઠિયાનગર) મહેમાનોને આવકારવા ઉભા હતા. પણ વિશાળ સંખ્યાને કારણે સૌને મંચ સુધી પહોંચવામાં પણ તકલીફ ઉભી થઈ. ભજન દરમ્યાન જે લક્ષ્મીજીનો વરસાદ થયો એની ગોઠવણી અને વ્યવસ્થામાં ખજાનચી શ્રી રામજીભાઈ તથા એમની પચ્ચીસ જણની ટીમ પણ ટુંકી પડી. શ્રી ગિરધરભાઈ તથા ઓસમાણ મીર, સંગીતા લાબડીયા તથા દાસ શ્યામ વિશ્રામ ગઢવી વગેરે કલાકારોએ સંતવાણીની રમઝટ બોલાવી એના ભાવ પ્રવાહમાં માનવ મહેરામણ એકાકાર બની ગયો.

મંચનું સંચાલન કરી રહેલા શ્રી ખટાઉભાઈ તથા મહેન્દ્રભાઈ તથા તેમના સાથીઓ પણ સંચાલન કરવામાં ટુંકા પડ્યા. મંચસ્થ મહાનુભાવોના સન્માન, સંતો -મહંતોનું સ્વાગત વગેરેની સંચાલન વ્યવસ્થામાં કેમ આગળ વધવું તેનો માર્ગ જડવો મુશ્કેલ થઈ ગયો. ગ્રાઉન્ડમાં ચા-પાણી પહોંચાડનારા સ્વયંસેવકોની સેવા પણ મુશ્કેલ બની ગઈ. અને રાત્રે ૨.૦૦ વાગ્યા પછી ગ્રાઉન્ડમાં પ્રવેશવું પણ દુર્લભ બની ગયું. આ બધું લખવાનું તાત્પર્ય એટલું જ છે કે સંસ્થાના સેવકોએ કરેલી તમામ વ્યવસ્થાઓ ઓછી પડી. જેનુ પ્રાથમિક ધોરણે કારણ અકલ્પનિય માનવ મહેરામણ ગણી શકાય. જે ખરેખર ગણત્રીથી વિશેષ હતું. જેની તૈયારી પણ ન હતી. એટલા માનવ મહેરામણની આગતા સ્વાગતા માટે સંસ્થાના સેવકોએ કરેલી તૈયારીઓ ઓછી પડી એ સ્વીકારવું જ રહ્યું. જે થયું તે ગજબ થયું પણ પ્રશ્ન એ થાય છે કે એનું કારણ શું ? જેના જવાબમાં કહી શકાય કે સંસ્થાના સેવકોએ શ્રી મનજીબાપુ સાથે છેલ્લા બે મહિનાથી વિવિધ મંડળોનો સંપર્ક કર્યો અને તેના કારણે જનતાનો બહોળો પ્રતિસાદ મળ્યો એ પ્રતિસાદને માપવામાં સંસ્થાની ગણત્રી ટુંકી પડી એ સહદય સ્વીકારવું જ રહ્યું.

ગત વર્ષે કોઈપણ કારણસર ન આવેલ વ્યકિતઓએ મનમાં દૃઢ નિશ્ચય કરી લીધું હતું કે છેલ્લા અનેક વર્ષોથી શ્રી ઓધવરામ બાપાના આ ઉત્સવમાં સહભાગી થવા જનારો હું કેમ દિશા શૂન્ય થઈ ગયો ? બસ આ વર્ષે ચોક્કસ જવું એટલે જવું અને









જ્ઞાતિગંગાના દર્શન કરવા, ગૌસેવાની ગંગામાં સ્નાન કરવું મારાથી કંઈપણ ન અપાય તો ફક્ત મારી હાજરી પણ આપવી. આવી કંઈક કલ્પના આપણે કરી શકીએ.

'ધાર્યું ધણીનું થાય' કેટલાક દાતાઓની ઈચ્છાઓ પણ અધુરી રહી. લક્ષ્મીનો વરસાદ વરસતો હતો ત્યાં સ્નાન કરવા જવાની ઘણા દિલેર દાતાશ્રીઓને ઈચ્છા હતી પણ ત્યાં સુધી પહોંચવા માટે પણ મુશ્કેલી હતી. યોગ્ય વ્યક્તિઓનું મિલન પણ ન થઈ શક્યું અને 'પ્યાસા કુવે સે વાપીસ ગયા' એવી પરિસ્થિતિ થઈ ગઈ બાપા ઓધવરામની કૃપાને કારણે સંસ્થાના સેવકોએ અગાઉથી એકઠું કરેલું લગભગ ૭૦ લાખનું ફંડ તથા ૨૫ મી જાન્યુઆરીની રાત્રીએ આવેલ ફંડ મળીને સવા કરોડ જેવી રકમ એકત્રીત થઈ. ગૌસેવા માટે દાતાઓએ આપેલ દિલાવર દાન બદલ સૌનો ખુબ ખુબ આભાર તથા અભિનંદન.

આ સંતવાણી પ્રસંગે શ્રી આશુભાઈ લાલજી વડોર-બીટ્ટાવાલાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. જેનાથી વાતાવરણ ગદ્‌ગદ્‌ બની ગયું. શ્રી આશુભાઈએ ભાવવિભોર થઈ સુપુત્રી કુમારી ઉષાને યાદ કરી આપેલું અનુદાન બમણા થીયે વધારે કરીને સમર્પિત કર્યું.

રાજ્યના મંત્રી શ્રી આરીફ મહમદ (નસીમ)ખાને રાતાતળાવ ખાતે ગૌસેવાનું પોતાનું નજરે જોયેલું વર્ણન કરી શાબ્દિક પ્રમાણપત્ર આપતાં કહ્યું કે ખરેખરી ગૌસેવા - માનવસેવા જોવી હોય તો રાતાતળાવે જાવ. શ્રી મનજીબાપુ જેવા મર્દ માણસો બહુ ઓછા જોવા મળે છે. **'મા વખાણે તે પુત્ર મહાન નથી પણ જગત વખાણે એ પુત્ર ખરેખર મહાન કહેવાય'** ઈત્તર ભાનુશાલી એવા મંત્રીશ્રીના શબ્દો આપણા માટે ગૌરવની વાત કહેવાય.

આમ ૨૫મી જાન્યુઆરીની રાત્રી એ ખરેખર યાદગાર ઈતહિાસ સમાન છે આવેલાને આવકાર, ૨૪ કલાક ભંડારો, દાતાઓનું સન્માન, સંતોને આસન, સ્ક્રીન પર રાતાતળાવનું દર્શન, લક્ષ્મીનો વરસાદ, સંતવાણીની સરગમ તથા કાર્યકર્તાઓની મહેનત ખુબ જ પ્રસંશનીય રહી. કાર્યક્રમમાં વાપી, વલસાડ, સેલવાસ, ઉમરગામ, સુરત, અમદાવાદ, ગાંધીધામ, ભુજ, કચ્છના અનેક ગામ, જામનગર, દમણ, સાંગલી, લાતુર, નાંદેડ તથા સમગ્ર કચ્છ - ગુજરાત તથા મહારાષ્ટ્રમાંથી જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં પધાર્યા હતા. જેમના નામ લખવા અશક્ય છે એટલે જેતે વિસ્તારનું નામ લખી આભાર માની રહ્યા છીએ.









વિશેષ રૂપમાં માતૃશક્તિએ ડોંબીવલી, કલ્યાણ, વિઠ્ઠલવાડી, મુલુંડ, ભાયંદર, વસઈ, વિરાર જેવા દૂરસૂદૂરના વિસ્તારોમાંથી રાત્રીના સમયે આવી સંસ્થા પ્રત્યેનો પ્રેમ દર્શાવ્યો હતો. ગાયો માટે હૃદયમાં ભાવનાનું ચુંબકીય તત્વ હતું. સંસ્થા પર કોઈ સંકટ આવે છે ત્યારે જ્ઞાતિની વિરાંગનાઓ રાણી લક્ષ્મીબાઈના સ્વરૂપે પધારી સંસ્થાની રક્ષા કરે છે. માતૃશક્તિને નત મસ્તક વંદન.

શેઠિયાનગરના ઘર આંગણે કાર્યક્રમ હતો તેથી **શ્રી કાનજીભાઈ, શ્રી રાઘવજીભાઈ**ના નેતૃત્વમાં કાર્યકર ભાઈઓએ તથા **ગીતાબેન**ના નેતૃત્વમાં મહિલાઓએ જે સેવા કરી તથા કાજુવાડી આશાપુરા મિત્ર મંડળે પણ જે સથવારો આપ્યો તેઓ અભિનંદન તથા આભારના અધિકારી છે. આ બધા સ્વયંસેવકો માટે લખી શકાય કે

**'કાઠિયાવાડમાં કોકદી તું ભુલો પડ ભગવાન...**
**તારા એવા કરું સન્માન તને સ્વર્ગ ભુલાવું શામળા.'**

અંતમાં આ એક ઐતિહાસિક રાત્રી હતી. અવિસ્મરણીય સંતવાણી હતી. અભૂતપૂર્વ માનવ મહેરામણ હતો અને આનંદનો ઓચ્છવ હતો. આ સંતવાણીની સફળતા જનતાના શિરે તથા કંઈક અધુરાશ રહી હોય તો સેવકો શિરોમાન્ય સ્વીકારે છે એવી લાગણી સાથે એક યાદગાર ઈતિહાસના વર્ણન ઉપર કલમને અલ્પવિરામ આપું છું.

**(નોંધ : સંતવાણીની વધુ માહિતી આવતા અંકે)**









# એક યાદગાર ઈતિહાસ ... ૩૮ મી સંતવાણી તા. ૨૫.૧.૨૦૧૪


















# એક યાદગાર ઈતિહાસ ... ૩૮ મી સંતવાણી તા. ૨૫.૧.૨૦૧૪

















# એક યાદગાર ઈતિહાસ ... ૩૮ મી સંતવાણી તા. ૨૫.૧.૨૦૧૪



## ગૌ માતાકી અખીંઓ સે

ગૌ માતા કી અખીંઓ સે, આંસુઓ કો મીટાના હૈ
આઓ સબ સાથ ચલો, ગૌ ધન કો બચાના હૈ
ભુખી પ્યાસી ગૈયાં કી ભુખ હમકો મીટાની હૈ
કાતીલો કે હાથો સે, ગૌ ધન કો છુડાના હૈ
કસાઈયોં કે હાથો મેં, યા કટે કતલખાનો મેં
પૂછ રહી હૈ ગૈયા,ક્યોં ચૂપ યે જમાના હૈ
જીસને હમે જીવન દિયા, જીસ કા હમને દૂધ પીયા
ગૌ માતા કે દૂધ કા હમે, અબ કર્જ ચુકાના હૈ
કનૈયા ને પાલા જીસે, સંતો ને હૈ પૂજા જીસે
આજ ગૌ માતા કા, સાથ હમકો નિભાના હૈ
મંદિરમેં હમ ઢૂંઢે પ્રભુ, હર તિરથ મેં હમ ઢૂંઢે પ્રભુ
તૈતીસ કોટી દેવો કા, ગૌમાતા હી ઠીકાના હૈ
કોઈ દે તન સેવા, ઔર કોઈ દે ધન સેવા
ગૌ ધન કી રક્ષા કો, હર મન કો જગાના હૈ
પાવન યે નાતા હૈ, ગૌ હમ સબ કી માતા હૈ
માં કે ચરણ 'કમલ' મેં સર હમકો ઝૂકાના હૈ

*- કમલેશ ભાનુશાલી (કમલ) શીરવા*

## છે આભાસ

પ્રેમનો સાગર છલકે ને ભાવની નદીઓ વહે
માનવ મહેરામણ છલકાયો ત્યાં બાંધો ક્યાં રહે
કઠીન દુકાળે જે સાથે ઉભા આજ સુખમાં સંગ રહે
ગોમાતાનો સાદ બોલાવે તે આ ગોવાળો સાંભળે

આવ્યા તમે સ્થળેસ્થળથી લેવા આનંદ સંતવાણીનો
સત્કર્મની છે આ મહેફિલ આસ્વાદ લ્યો લ્હાણીનો
પ્રેમથી વધાવીએ અમે પુષ્પથી વધાવીએ સૌને
અંતરની આ લાગણીએ અમે શબ્દથી સમજાવીએ

માનવતાના આશિષ ઉંચા, મીઠો ભાઈ ભાંડુઓનો સાથ
આ શુભ યજ્ઞમાં દાતાઓના દાન માટે ખૂલ્લા છે હાથ
માતાજીની કૃપાને સાથે માતૃશક્તિનો પ્રકાશ પથરાયો
મિલ્કત છે તમારી તમારો ૩૮ વર્ષનો સાથ અનેરો

જનતા, ભારત અને ગૌ એને દરજ્જો છે માઁ નો
ચૂકતા નહીં અવસર આવ્યો એનું ઋણ ઉતારવાનો
ઈશ્વરના કામ છે તે તો ઈશ્વર પોતે જ કરવાનો
આપણે તો નિમિત્ત થઈ એમાં સહભાગી થવાનું

આ સુરસાધકો આ કલાકારો વરસાવે કૃપા શારદાની
રૂણઝુણ રૂણઝુણ સંભળાય છે. માઁ લક્ષ્મીના આગમનની
અરે ! ઓધવરામ બાપા છે સાક્ષાત પછી ગરજ શું આશરાની
જયાં વાલરામની છાયા હોય ખુશી ત્યાં હંમેશા રહેવાની

**નોટોનો વરસાદ અને આ ઉમંગનો ઉજાસ**
**આજની આ રાતમાં છે દિવાળીનો પ્રકાશ**
**તરંગમાં છે હવા ને હસે છે આખું આકાશ**
**અરે ! આ કાર્યક્રમ છે કે છે આ આભાસ**

*- નીતા નિતેશ માવ - નરેડી*

**સંસ્થા વિશે માહિતી તથા અન્ય પૂછપરછ માટે સંપર્ક સાધવા વિનંતી**
**સંસ્થાપક : શ્રી મનજીભાઈ ભાનુશાલી** મો. : ૦૯૩૨૩૮૯૦૦૧૩
**પ્રમુખ : શ્રી ઉમરશીભાઈ શીવજી મંગે** મો : ૦૯૮૧૯૩૩૨૨૫૮ **ખજાનચી : શ્રી રામજી કલ્યાણજી ધુકેર** મો : ૦૯૯૨૦૮૨૧૯૨૦
**કાર્યાલય : શ્રી કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ**
**ઓધવધામ હોલ, કાનજી મનજી એસ્ટેટ, હોમગાર્ડ, નારાયણ નગર, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૮૪. ફોન : ૨૫૧૦ ૮૬૧૨**
**સંતશ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળ**
મા આશાપુરા મંદિર, નરેડી, રાતાતળાવ, તા. અબડાસા, જિ. કચ્છ ફોન : ૦૨૮૩૧-૨૭૨૨૩૫/૨૭૨૨૩૬

**With Best Compliments From**

*Kantibhai Babubhai Mange*
**(Nundhatad Wala)**

**Factory : 022-27781328 Telefax : 022-27781229**

શ્રી

*Shree Sadguru Masala*
*& Spices Industries Pvt. Ltd.*

***MANUFACTURERS AND SUPPLIERS***
***TO EXPORTERS OF***
***ALL INDIAN GROUND SPICES***
***&***
***CURRY POWDER***

**A-231,T.T.C. Industrial Area, Mahape,**
**Post Ghansoli, Navi Mumbai 400701.**
**E-mail: ssms_9@yahoo.com / ssms_9@hotmail.com**

## સહયોગ સાગર...

## શ્રી કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ (રજી.), મુંબઈ

**પાંત્રીસ વર્ષો પહેલાં પરમ પૂજ્ય ગુરૂવર્યશ્રી વાલરામજી મહારાજના શ્રીમુખે નામાભિધાન થયેલી સંસ્થા આજે વટવૃક્ષ બની ચૂકી છે. સંતવાણીનું આયોજન તથા ગૌ સેવા માટે ફાળો એકત્રિત કરવો, કામગાર વર્ગ માટે ૨ હોલનો નિભાવ, રાતાતળાવ ખાતે મંદિર નિભાવ, અન્નક્ષેત્ર, અતિથિગૃહ, રક્તદાન શિબિર, મેડિકલ સહાય, જેવી ધર્મ સેવા તથા જનસેવાની પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. આ સેવા કાર્યોમાં ઉદારદિલે ફાળો આપનારા દાતાઓને ખૂબ ખૂબ અભિનંદન.**

| | | |
|---|---|---|
| ૧૦૦૦ | શ્રી રામપર અબડા ભાનુશાલી મિત્ર મંડળ હોલ મિટીંગ | રામપર અબડા |
| ૪૦૦૦ | શ્રી હિમાલયેશ્વર ભક્ત મંડળ પક્ષીના ચણ મટે | હિમાલય સોસા. |

**૩૮મા વાર્ષિક મહોત્સવ જાનુઆરી ૨૦૧૪**

| | | |
|---|---|---|
| ૨૫૦૦ | મે. નિરવ ટ્રેડર્સ વાશી | નવી મુંબઈ |
| ૨૫૦૦ | મે. એમ. એમ. કોરપોરેશન વાશી | નવી મુંબઈ |
| ૧૦૫૦૦ | શ્રી બારદાસ સિલાઈ કામદાર સંઘ | ડુંગર |
| ૫૧૦૦ | ભા. ઓધવજી પરસોત્તમ ધુકેર | |
| ૧૦૮૦૦૦ | મુકેશ જેઠાલાલ સોમૈયા | તુણા |
| ૨૦૦ | ભા. ભાણજી ગાંગજી | હાજાપર |
| ૨૦૦ | ભા. ગોવિંદજી લાલજી | સુડધ્રો |
| ૫૦૦ | ભા. લધારામ રાઘવજી | જંગડીયા |
| ૩૬૦૦ | શ્રી ઓધવરામ હોલ | ડુંગર |
| ૧૧૦૧ | ભા. નાનજી ભાણજી ભદ્રા | નાંગીયા |
| ૫૧૦૦ | ચંદુલાલ લાલજી મંગે | નલિયા |
| ૧૧૦૦૦ | ભા. ધીરજ લક્ષ્મીદાસ શેઠિયા | ભવાનીપર |
| ૫૧૦૦ | ભા. વસંત ગોપાલજી મીઠીયા | સાંધાણ |
| ૧૧૦૦૦ | જસરાજ ઈન્ટરનેશનલ વાશી | નવી મુંબઈ |
| ૨૧૦૦ | સુનીલ ડી. જોઈસર | મુંબઈ |
| ૧૧૦૦૦ | શ્રીમતી મૈયાબેન ખીમજી ગજરા | સાંધાણ |
| ૧૧૦૦૦ | શ્રીમતી લીના મહેશ ખીમજી ગજરા | સાંધાણ |
| ૨૧૦૦૦ | ભા. બાબુભાઈ રામજી નંદા | ધનાવાડા |
| ૨૫૦૧ | ભાનુશાલી એન્ડ એસોસીયેટસ | જખૌ |
| ૫૧૦૦ | વંશીકા કન્ટેનર મુવર્સ | નવી મુંબઈ |
| ૨૧૦૦૦ | મે. ફોરમ ફ્રેઈટ ફોરવર્ડસ | નવી મુંબઈ |
| ૫૦૦૦૦ | સ્વ. રમેશભાઈ કરમશીભાઈ દામા | જખૌ |
| ૫૦૦ | ભા. બાબુભાઈ ખજુરિયા માવ | હાજાપર |
| ૩૦૦ | ભા. વાલજી ગાંગજી ભદ્રા | પ્રજાઉ |
| ૨૦૦ | ભા. શંકરલાલ મોરારજી નંદા | બીટ્ટા |
| ૧૧૦૦ | ભા. મંગલદાસ પ્રધાન ખાનીયા | ભવાનીપર |
| ૨૦૦ | ભા. જેઠાલાલ શંકલાલ મંગે | મોથાળા |
| ૨૫૦ | ભા. મોહનલાલ ખીમજી | બુટ્ટા |
| ૧૦૦ | ભા. હંસરાજ મંગલદાસ ગોરી | હમીરપર |
| ૫૦૦ | સુરેશ ધરમશીની કાું. | જખૌ |
| ૫૦૦ | ભા. વેરશી લક્ષ્મીદાસ માવ | હમીરપર |
| ૫૦૦ | ભા. મોહનલાલ દયારામની કાું. | ડુંગર |
| ૫૦૦ | ભા. શંકરલાલ જખુભાઈ માવ | હમીરપર |
| ૨૫૦ | ભા. વસંત મુરજીભાઈ માવ | જખૌ |
| ૫૦૦ | ભા. વાલજી શામજી ગજરા | હમીરપર |
| ૫૦૦ | ભા. વસંતલાલ ઠાકરશી માવ | જખૌ |
| ૧૫૦ | ભા. ધીરાઉ પ્રાગજીભાઈ | ભવાનીપર |
| ૫૦૦ | કાનજીભાઈ મનજીભાઈ | ડુંગર |
| ૫૦૦ | ભા. ભાણજી શંકરલાલ ખાનીયા | ભવાનીપર |
| ૧૫૦ | ભા. લધારામ ભીમજી કટારમલ | રામપર |
| ૫૦૦ | ભા. મોહનલાલ વાલજી ખાનીયા | ભવાનીપર |
| ૫૦૦ | ભા. શંભુરામ ધનજીની કાું. | ડુંગર |
| ૨૫૦ | ભા. દામજી વેરશી | સુડધ્રો |
| ૧૫૦૦ | ભા. સુરેશ છગનભાઈ ચાંદ્રા | લઠેડી |
| ૩૧૦૦ | ઠક્કર મુકેશ વિઠ્ઠલદાસ | લખપર |
| ૨૫૦ | ભા. શંકરલાલ વલ્લભજી મંગે | હમીરપર |
| ૫૦૦ | ભા. રામજી માવજી મંગે | હમીરપર |
| ૫૦૦ | ભા. ગોપાલજી સુંદરજી માવ | પ્રજાઉ |
| ૨૦૦ | ભા. હેમરાજ માધવજી ભદ્રા | તેરા |

| | | |
|---|---|---|
| ૫૧૦૦ | ભા. હંસરાજ ચત્રભોજ માવ | ઐડા |
| ૨૫૦૦ | ભા. ટોપણદાસ પરસોત્તમ દામા | ભારાપર ભાદરા |
| ૫૦૦ | ભા. પ્રવિણ શંકરલાલ ગોરી | મોથાળા |
| ૫૦૦ | ભા. વાલજી મેઘજી મંગે | હમીરપર |
| ૫૧૦૦ | ભા. લક્ષ્મીદાસ જેરામ ભદ્રા | બીટીયારી |
| ૫૧૧૦૦ | ભા. રમેશ શામજીભાઈ મંગે | સુડધ્રો મોટી |
| ૨૫૦૦ | નિમેશ ટ્રેડીંગ કું.-વાશી | નવી મુંબઈ |
| ૨૦૦ | મે. ભૂપેન્દ્ર કું. - વાશી | નવી મુંબઈ |
| ૫૧૦૦ | મે. સદ્ગુરૂ એન્ડ સન્સ-વાશી | નવી મુંબઈ |
| ૨૫૦૦ | મે. સ્વસ્તિકટ્રેડર્સ - વાશી | નવી મુંબઈ |
| ૫૧૦૦ | મે. દિપક ટ્રેડર્સ - વાશી | નવી મુંબઈ |
| ૫૧૦૦ | મે.દિપ દર્શન એન્ટરપ્રાઈસ-વાશી | નવી મુંબઈ |
| ૩૧૦૦ | મે. મહેશ ટ્રેડીંગ કું.- વાશી | નવી મુંબઈ |
| ૧૫૦૦ | ભા. નારાણજી ખજુરિયા માવ | બીટ્ટા |
| ૧૦૦૧ | મિતેશ કાંતીલાલ શાહ - વાશી | નવી મુંબઈ |
| ૧૦૦૦ | ભા. ગોવિંદજી ધીરાઉ ચુનડા | બીટ્ટા |
| ૫૧૦૦ | મે. સદ્ગુરૂ ટ્રેડીંગ કું. - વાશી | નવી મુંબઈ |
| ૫૧૦૦ | મે. જાગેશ્વર ટ્રેડીંગ કું. - વાશી | નવી મુંબઈ |
| ૧૧૦૧ | આર. પટેલ - વાશી | નવી મુંબઈ |
| ૨૧૦૦ | મે. આશાપુરા એન્ટરપ્રાઈસ - વાશી | નવી મુંબઈ |
| ૫૧૦૦ | શ્રી દુર્ગા મસાલા- વાશી | નવી મુંબઈ |
| ૧૧૦૦૦ | મે. સોનદુર્ગા સન્સ - વાશી | નવી મુંબઈ |
| ૨૫૦૦ | મે. શિવ ટ્રેડર્સ - વાશી | નવી મુંબઈ |
| ૧૧૦૦૦ | ભા. કિશોર કાનજી ભાનુશાલી | ઐડા |
| ૫૧૦૦ | ભા. અશોક નારાણજી જોઈસર -મલાડ | શીરવા |
| ૧૧૦૦૦ | ભા. લાલજી ધનજી દામા | ઉસ્તીયા |
| ૧૧૧૧ | રઘુવીર એગ્રો પ્રોડક્ટસ -વાશી | હાજાપર |
| ૫૧૦૦ | શ્રી રામ ટ્રેડીંગ કું. -વાશી | નવી મુંબઈ |
| ૧૧૦૦૦ | શીવમ કોરપોરેશન -વાશી | બીટ્ટા |
| ૨૧૦૦ | ભા. દેવજી કરસનદાસ મંગે | ભવાનીપુર |
| ૫૧૦૦ | એમ.એમ. ટ્રેડીંગ કું.-વાશી | નવી મુંબઈ |
| ૫૧૦૦ | કૈલાશ ટ્રેડીંગ કું.-ગોવંડી | કોટડામઢ |
| ૫૧૦૦ | રામજી ત્રીકમદાસ મંગે -વાશી | નવી મુંબઈ |
| ૧૧૦૦૦ | શિવશક્તિ એન્ટરપ્રાઈસ-વાશી | નવી મુંબઈ |
| ૫૦૦ | ભા. પ્રેમજી શીવજી મંગે-ડુંગર | હમીરપર |
| ૧૧૦૦ | કવિતા ટ્રેડીંગ કું.-ડુંગર | બાલાપર |
| ૨૦૦ | ભા. વીરજી મંગલદાસ ગોરી | હમીરપર |
| ૧૧૦૦ | ભા. હીરજી મીઠુભાઈ ખાનીયા | નાંગીયા |
| ૧૧૦૦૦ | ભા. દિનેશ વાલજી લાલજી હુરબડા | શેઠિયાનગર |
| ૫૦૦૦ | ભા. માવજી ખીંયશી મંગે | બીટ્ટા |
| ૧૧૦૦ | ભા. વસંત અરજણ ભદ્રા | જખૌ |
| ૫૧૦૦ | ભા. શીવજી જેરામ ભદ્રા | છાડુરા |
| ૧૧૦૦૦ | ભા. દામજી લક્ષ્મીદાસ ગજરા | ચિયાસર |
| ૨૫૦૦ | ભા. કાનજી પરસોત્તમ ગોરી | હમીરપર |
| ૨૫૦૦ | ભા. વિનોદ શંકરલાલ દામા | જખૌ |
| ૫૦૦ | ભા. નાનજી લાલજી ભદ્રા | સુડધ્રો નાની |
| ૫૦૦૧ | ભા. જીતુભાઈ દામજીભાઈ મંગે | મોથાળા |
| ૨૧૦૦ | ભા. જયંતીભાઈ લક્ષ્મીદાસ મંગે | શીરવા |
| ૨૧૦૦ | ભા સુરેશભાઈ મેઘજીભાઈ ગજરા | છાડુરા |
| ૨૧૦૦ | ભા. કાંતીલાલ નારાણજી માવ | પ્રજાઉ |
| ૧૦૦૦ | ઠક્કર ચાંપશી કુંવરજી | મુલુંડ |
| ૨૫૦૦ | ભા. કાંતીલાલ બુધીયાભાઈ હુરબડા | ભવાનીપર |
| ૫૦૦ | ભા. પ્રકાશ પરસોત્તમ નંદા | બીટ્ટા |
| ૧૧૦૦૦ | સોન દુર્ગા ટ્રેડર્સ - વાશી | નવી મુંબઈ |
| ૫૧૦૦ | શ્રી આશાપુરા ટ્રેડીંગ કું. | તેરા |
| ૫૧૦૦ | શ્રી આશાપુરા એગ્રો કેમ પ્રા. લી. | બીટ્ટા |
| ૫૦૦૧ | શ્રી ભાણબાઈ સતીમા-નવી મુંબઈ | નલિયા |
| ૫૦૦૦ | શ્રી મૈયાજી મા - નવી મુંબઈ | નલિયા |
| ૫૦૦૦ | શ્રી પુનાગ્રી મા - નવી મુંબઈ | નલિયા |
| ૫૦૦૦ | શ્રી ઓધવરામજી મહારાજ-નવી મુંબઈ | નલિયા |
| ૫૦૦૦ | શ્રી વાલરામજી મહારાજ - નવી મુંબઈ | નલિયા |
| ૧૧૦૦૦ | ભા. શંકરલાલ મોનજી દામા | નલિયા |
| ૧૧૦૦૦ | ખટાઉ પોલી પ્લાસ્ટ-નવી મુંબઈ | પ્યાકા |
| ૫૧૦૦ | ભા. પેરાજ લક્ષ્મીદાસ ગોરી | હમીરપર |
| ૫૦૦ | ભા. લક્ષ્મીદાસ રતનશી કટારમલ | હમીરપર |
| ૫૦૦ | ભા. શંભુરામ જખુભાઈ ભદ્રા | તેરા |
| ૫૦૦ | ભા. મનજી લક્ષ્મીદાસ ગોરી | હમીરપર |
| ૨૧૦૦ | ભા. શંભુરામ કાનજી માવ | હમીરપર |

| | | |
|---|---|---|
| ૫૦૦ | ભા. કરસનદાસ લક્ષ્મીદાસ ખાનીયા | ભવાનીપર |
| ૧૧૦૦ | ભા. પ્રકાશ કરસનદાસ કટારમલ | તેરા |
| ૨૦૧ | ભા. મેઘજી હીરજી કટારમલ | નવી મુંબઈ |
| ૨૦૧ | ભા. કિશોર છગનલાલ હુરબડા | મોખરા |
| ૧૧૦૦ | ભા. ઠાકરશી રામજી ગજરા | નલિયા |
| ૨૦૧ | ભા. પ્રેમજી દેવશી ગજરા | બુટ્ટા |
| ૨૦૧ | ભા. લહેરીલાલ આણંદજી શેઠિયા | સુડધ્રો |
| ૨૦૧ | ભા. ભરત બુધીયાભાઈ ખાનીયા | રામપર અબડા |
| ૫૫૧ | ભા. રણછોડ વિશ્રામ કોડવરા | પ્રજાઉ |
| ૧૦૦ | ભા. હંસરાજ નારાણજી નંદા | ભારાપર ધુફી |
| ૫૧૦૦ | ભા. ખેરાજ વેલજીભાઈ કટારમલ | બીટ્ટા |
| ૧૧૦૦૦ | શ્રી વસઈ-વિરાર ભાનુશાલી મિત્ર મંડળ | |
| ૧૧૦૦૦ | ભા. મહેશ બચુભાઈ ભદ્રા | ચિયાસર |
| ૨૫૦૦૧ | જે.એમ. કોઠારી એન્ડ સન્સ | મોથાળા |
| ૧૧૦૦૦ | ભા. દેવજી દેયાત નંદા | બીટ્ટા |
| ૨૫૦૧ | એવી ફોરવર્ડસ-વાશી | નવી મુંબઈ |
| ૫૦૦ | ભા. હરેશ બચુભાઈ માવ | નુંધાતડ |
| ૩૦૦ | ભા. ધરમશી કાનજી મંગે | રવા |
| ૧૧૦૦૦ | ભા. કલ્યાણજી મંગલદાસ ધુકેર | તેરા |
| ૨૫૦૦ | રચના ટ્રાન્સપોર્ટ-નવી મુંબઈ | ગોધરા |
| ૫૧૦૦ | સન કોરપોરેશન-વાશી | નવી મુંબઈ |
| ૧૧૦૦૦ | ભાનુ ગ્રુપ-નવી મુંબઈ | નલિયા |
| ૫૧૦૦ | અમીત એન્ટરપ્રાઈસ-વાશી | નવી મુંબઈ |
| ૨૫૦૦ | ભા. નારાણ વલ્લભજી ગોરી | બાંભડાઈ |
| ૧૫૦૦ | ભા. મુરજી શામજીભાઈ દામા | રામપર |
| ૨૫૦૦ | ભા. રમેશ ધનજી ભદ્રા | સાંધાણ |
| ૨૫૦૦ | દલાલ વંશ દિપક | પ્રજાઉ |
| ૫૦૧ | ભા. કમલેશ કલ્યાણજી મંગે | ધનાવાડા |
| ૧૧૦૦ | ભા. દામજીભાઈ દેવશીભાઈ નંદા | બાલાચોડ |
| ૫૦૦૧ | ભા. ચંદુભાઈ શામજી ગજરા | બુટ્ટા |
| ૫૦૧ | રામેશ્વર બ્રોકર્સ | કોઠારા |
| ૧૧૦૦ | સંજીવ ટ્રેડીંગ કું. | |
| ૫૧૦૦ | હરિરામ પેરાજભાઈ દામા | ઉસ્તીયા |
| ૧૧૦૦૦ | મુલશંકર લાલજી કું. | |
| ૨૫૦૦૦ | ભા. પ્રેમજી વિશ્રામ રતડા-ઘાટકોપર | બેચાચિયા |

| | | |
|---|---|---|
| ૧૧૦૦૦ | સ્વ. દયારામ વેલજી ભદ્રા | આશાપર |
| ૧૧૦૦૦ | સ્વ. જેરામ ખીમજી દામા | પ્રજાઉ |
| ૭૦૦૦ | ભા. બાબુભાઈ ખીમજી દામા | પ્રજાઉ |
| ૧૧૦૦૦ | ભા. માવજી વેલજી ભદ્રા | આશાપર-અંકલેશ્વર |
| ૨૦૦૦ | ભા. શીવજી કાનજી ભદ્રા | આશાપર |
| ૧૧૦૦૦ | શ્રી કચ્છી ભાનુશાલી મુલુંડ ચેકનાકા મિત્ર મંડળ સ્નેહમિલન નિમિત્તે | |
| ૭૦૦ | ભા. ભગવાનદાસ કરમશી છાડુરા | |
| ૫૧૦૦ | ભા. ચત્રભોજ અરજણ કટારીયા | ડોણ |
| ૫૦૦ | ભા. નરશી પ્રધાનભાઈ ગોરી | મોથાળા |
| ૧૧૦૦૦ | ભા. દિનેશ રતનશી મંગે | મોથાળા |
| ૧૧૦૦ | ભા. પ્રકાશ મંગલદાસ હુરબડા | હાજાપર |
| ૨૫૦૧ | માધવજી એસ. ભાનુશાલી | મોથાળા-અંકલેશ્વર |
| ૨૫૦૧ | માધવજી બુધીયાભાઈ ભાનુશાલી | ચિયાસર |
| ૧૧૦૦ | ભા. મંગલદાસ સુરજી મંગે | હમીરપર-અંકલેશ્વર |
| ૧૧૦૦ | ભા. હરિરામ પરસોત્તમ મંગે | ધનાવાડા-સચીન |
| ૧૧૦૦ | ભા. દિપક લક્ષ્મીદાસ દામા | હમલા-સચીન |
| ૫૦૦ | ભા. ધનજી વાલજીભાઈ ગોરી | મોથાળા-સચીન |
| ૨૫૦૧ | ભા. રમેશ શંકરલાલ મંગે | ધનાવાડા-સચીન |
| ૫૦૦૧ | ભા. ભીમજી ગોપાલજી ગોરી | મોથાળા-સચીન |
| ૨૧૦૦ | ભા. દિનેશ કચરાજ મંગે-નવસારી | નલિયા |
| ૨૧૦૦ | ભા. પ્રેમજીભાઈ નારાણજી માવ | નવસારી |
| ૨૫૦૦ | ભા. કરસન પ્રધાનભાઈ કટારમલ | નવસારી |
| ૧૧૦૦ | ભા. ખટાઉ પ્રેમજી ગજરા | નવસારી |
| ૨૧૦૦ | ભા. રામજી મંગલદાસ મંગે | આશાપર |
| ૧૧૦૦ | ભા. દિનેશ રામજીભાઈ દામા | વમોટી મોટી |
| ૧૧૦૦ | ભા. દેવશીભાઈ મંલગદાસ જોયસર | તેરા |
| ૧૧૦૦ | ભા. ભવાનજી કચરાજ મંગે | નલિયા |
| ૧૧૦૦ | ભા. ગોપાલજી શંકરલાલ વડોર | નલિયા |
| ૧૧૦૦૦ | શ્રી ચીખલી ભાનુશાલી મિત્ર મંડળ | ચીખલી |
| ૨૫૦૦ | શ્રી કાલીકા સુગર-વાશી | નવી મુંબઈ |
| ૧૭૦૦ | મે. જે ઉદય એન્ડ કું. | નવી મુંબઈ |
| ૧૭૦૦ | મે. રમેશચંદ્ર લાલજી એન્ડ કું.-વાશી | નવીમુંબઈ |
| ૧૭૦૦ | મે. જીગર મોહનલાલ એન્ડ કું.-વાશી | નવીમુંબઈ |
| ૧૧૦૦૦ | મે. મિહીર ટ્રેડીંગ કું. -વાશી | નવીમુંબઈ |

| | | |
|---|---|---|
| ૫૧૦૦ | મે. અરવિંદ ટ્રેડીંગ -વાશી | નવીમુંબઈ |
| ૫૧૦૦ | દલાલ મોહન મહેન્દ્ર -વાશી | નવીમુંબઈ |
| ૫૧૦૦ | મે. ઉદય ટ્રેડીંગ કાં.-વાશી | નવીમુંબઈ |
| ૫૧૦૦ | મે. સુરેશકુમાર મુરજી એન્ડ કાં. વાશી | નવી મુંબઈ |
| ૫૧૦૦ | મે. મહાદેવ એગ્રો પ્રોડક્ટસ -વાશી | નવી મુંબઈ |
| ૨૦૦૦ | પ્રવિણકુમાર હંસરાજની કાં.-વાશી | નવી મુંબઈ |
| ૧૧૦૦ | જગદીશ વેલજીભાઈ કટારમલ | નલિયા |
| ૧૧૦૦ | જયેશકુમાર દિલીપકુમાર -વાશી | નવી મુંબઈ |
| ૮૦૦૦ | દલાલ કારા કરસનની કાં. વાશી | નવી મુંબઈ |
| ૧૧૧૧૧ | નીલધારા રાઈસ ટ્રેડર્સ -વાશી | નવી મુંબઈ |
| ૧૧૦૦ | દલાલ અશ્વિન હરિલાલ લાખણીયા | નવી મુંબઈ |
| ૧૧૦૦ | પુષ્પમ રાઈસ ટ્રેડર્સ -વાશી | ડોણ |
| ૨૧૦૦ | શીવમ્ રાઈસ ટ્રેડર્સ - વાશી | શીરવા |
| ૨૫૦૦ | પ્રકાશ પરસોત્તમ જોશી | મુલુંડ |
| ૫૧૦૦ | કટારીયા કોરપોરેશન બેરાચિયા | વાશી |
| ૧૧૦૦ | જલારામ રાઈસ ટ્રેડર્સ - વાશી | ભાડઈ મોટી |
| ૩૧૦૦ | કર્મયોગ એન્ટરપ્રાઈસ -વાશી | વમોટીમોટી |
| ૨૧૦૦ | ભા. વેલજી ડુંગરશી મીઠીયા | સાંધાણ |
| ૫૧૦૦ | ભા. કલ્યાણજી થાર્યાભાઈ ગોરી-વાશી | ના. વમોટી |
| ૫૧૦૦ | ભક્તિ એન્ટરપ્રાઈસ -વાશી | ડોણ |
| ૧૧૦૦ | ભા. જયંતીલાલ હરજી દામા-વાશી | શીરવા |
| ૧૧૦૦ | અંબિકા રાઈસ ટ્રેડર્સ | વાશી |
| ૧૧૦૦ | દલાલ વિશાલ અશોક -વાશી | ભવાનીપર |
| ૨૫૦૦ | વિપુલ કોરપોરેશન -વાશી | ઉસ્તીયા |
| ૧૧૦૦૦ | દલાલ લાલજી કુંવરજી - વાશી | નવી મુંબઈ |
| ૫૧૦૦ | કૈલાશ કોરપોરેશન -વાશી | ધુણઈ |
| ૧૫૦૦ | મે. ચામુંડા ટ્રેડીંગ કાં. | વાશી |
| ૫૧૦૦ | આશાપુરા ટ્રેડર્સ | વાશી |
| ૫૧૦૦ | જલેશ્વરી ટ્રેડીંગ કાં. | વાશી |
| ૨૫૦૦ | નિરંજન એન્ટરપ્રાઈસ | વાશી |
| ૧૦૦૦ | યોગેશ્વર કોરપોરેશન | ધુણઈ |
| ૧૧૦૦૦ | રવિપ્રભા એન્ટરપપ્રાઈસ | વાશી |
| ૨૫૦૦ | મે. સદ્ગુરૂ રાઈસ ટ્રેડર્સ | ધુણઈ |
| ૨૫૦૦ | જય ટ્રેડીંગ કાં. | વાશી |
| ૨૧૦૦ | ચાંદ્રા બ્રધર્સ | વાશી |
| ૫૧૦૦ | મે. વિકાસ ટ્રેડીંગ કાં. | વાશી |

| | | |
|---|---|---|
| ૫૫૧ | હિંમત એન્ટરપ્રાઈસ | વાશી |
| ૫૧૦૦ | એમ. કે. ટ્રેડર્સ | વાશી |
| ૨૫૦૦ | મે. કાજલ ટ્રેડર્સ | વાશી |
| ૧૧૦૦ | દલાલ ધીરજ નેમજી | વાશી |
| ૧૧૦૦ | યોગેશ્વર ઈન્ટરનેશનલ | વાશી |
| ૫૦૦ | સુપ્રીમ રાઈસ ટ્રેડર્સ | વાશી |
| ૫૦૦૧ | શીવનેરી ટ્રેડર્સ | વાશી |
| ૧૧૦૦૦ | વાડી ટ્રેડીંગ કાં. | વાશી |
| ૧૧૦૦ | મે. જીલ એન્ટરપ્રાઈઝ | વાશી |
| ૧૧૦૦ | બી. પ્રવિણકુમારની કાં. | વાશી |
| ૧૧૦૦ | વાસવી ટ્રેડર્સ | વાશી |
| ૫૧૦૦ | વિધી રાઈસ ટ્રેડર્સ | વાશી |
| ૨૫૦૦ | સૂર્યવંશી ટ્રેડીંગ કાં. | વાશી |
| ૧૦૦૦ | હરેશ રામજી હુરબડા-વાશી | ડોણ |
| ૨૫૦૦ | કરણ રાઈસ ટ્રેડર્સ | વાશી |
| ૫૧૦૦ | શ્રી શક્તિ એન્ટરપ્રાઈસ | વાશી |
| ૫૦૦ | શ્રી નાની સુડધ્રો ભાનુશાલી મિત્રમંડળ હોલમાં મિટીંગના | મુંબઈ |
| ૫૦૦ | સ્વ. લક્ષ્મીદાસ સુરજી મંગે | બીટ્ટા |
| ૭૫૦૦ | શ્રી બારદાન સિલાઈ કામદાર સંઘ ડુંગર | |
| ૫૧૦૦ | ભા. દયાળજી ખટાઉ મંગે | નરેડી |
| ૫૧૦૦ | ભા. ખટાઉ ગાંગજી ગોરી -સુરત | મોથાળા |
| ૫૧૦૦ | ભા. શામજી ગાંગજી ગોરી -સુરત | મોથાળા |
| ૧૧૦૦૦ | શ્રી આશાપુરા કમલકુંજ મહિલામંડળ | |
| ૧૧૦૦૦ | શ્રી શેઠિયાનગર મહિલામંડળ | શેઠિયાનગર |
| ૫૧૦૦ | શ્રી ડોંબીવલી મહિલા મંડળ | ડોંબીવલી |
| ૫૧૦૦ | શ્રી ચણોદ કોલોની મહિલા મંડળ | વાપી |
| ૧૦૧ | તુષાર | મુંબઈ |
| ૫૧૦૦ | ભા. મનજીભાઈ પ્રધાન ભદ્રા | વમોટી મોટી |
| ૫૧૦૦ | ભા. વસંત પેરાજ મંગે | નરેડી |
| ૫૦૧ | ભા. પ્રકાશ ખીમજીભાઈ ગજરા | હમીરપર |
| ૫૧૦૦ | ભા. શંકરલાલ ગોપાલજી માવ | વમોટી |
| ૧૧૦૦૦ | શ્રી ભીડ ભંજન મહાદેવ મંડળ હ. ચત્રભોજ બાપા | ચીખલી |
| ૧૧૦૦૦ | શ્રી નુંધાતડ ભાનુશાલી યુવક મિત્ર મંડળ | નુંધાતડ |
| ૫૧૦૦ | ભા. નાનજી લાલજીભાઈ હુરબડા | જંગડીયા |

| | | |
|---|---|---|
| ૨૧૦૦૦ | ભા. વસંત કરસનદાસ ચાંદ્રા | રામપર-ગાંધીધામ |
| ૧૧૦૦૦ | શ્રી પિંપરી ભાનુશાલી મિત્ર મંડળ | પુના |
| ૧૫૦૦ | શ્રી જલારામ મહિલા મંડળ | ડોંબીવલી |
| ૧૧૦૦૦ | જયશ્રી જાલપા મા | મુંબઈ |
| ૫૧૦૦૦ | ભા. ખીંયશી લીલાધર માવ | નરેડી |
| ૧૧૦૦૦ | ભા. કાનજી મોરારજી કટારમલ | બીટ્ટા |
| ૧૧૦૦૦ | ભા. યોગેશ મોરારજી ભાનુશાલી | ઘાટકોપર |
| ૧૧૦૦૦ | ભા. રમેશ નરશીભાઈ કટારમલ | ઘાટકોપર |
| ૧૧૦૦૦ | ભા. રાકેશ મોહનલાલ માવ | વમોટી મોટી |
| ૧૧૦૦૦ | ચંદ્રેશ ઠક્કર | મુંબઈ |
| ૧૧૦૦૦ | ભા. પંકજ દયારામ ખીચડા | ઘાટકોપર |
| ૧૦૦૦૦ | પ્રેમજીભાઈ નંદા | મુંબઈ |
| ૧૫૦૦૦ | ભા. પ્રેમજી લક્ષ્મીદાસ ગોરી-પુના | મોથાળા |
| ૧૧૧૧૧ | સંતોષ બ્રોકર | નવી મુંબઈ |
| ૫૦૦૦ | પદમાબોન લક્ષ્મીદાસ ભાનુશાલી | રામપર-અબડા |
| ૨૫૦૦૦ | ભા. પ્રકાશ ચત્રભોજ માવ | ધુણઈ |
| ૯૦૦૦ | ભા. કનૈયાલાલ લીલાધર કટારમલ | નલિયા |
| ૮૦૦૦ | શ્રી અરૂણ ભોલાનાથ શિવ | અસલ્ફા |
| ૮૦૦૦ | શ્રી રાજેશ જી. પાઠક | અસલ્ફા |
| ૫૧૦૦૦ | મે. પ્રતિક એન્ટરપ્રાઈસ | વાશી |
| ૫૦૦૦ | ભા. ચેતન મેઘજીભાઈ ભદ્રા | જખૌ |
| ૨૦૦ | ભા. નરેશ વાલજીભાઈ | જખૌ |
| ૧૦૦ | ભા. ચત્રભોજ કરસનદાસ | તેરા |
| ૧૦૦૦ | ભા. શાંતીલાલ | હમલા |
| ૫૦૦ | ભા. પ્રેમજી વાલજીભાઈ | બારા |
| ૧૧૦૦૦ | ભા. કરસનદાસ ખજુરિયા ગોરી | ઉસ્તીયા |
| ૨૫૦૦ | ભા. મેઘજી મંગલદાસ મંગે | વાશી |
| ૧૦૦૦ | ભા. પંકજ તુલસીદાસ દામા | જખૌ |

**રાતાતળાવ સેવાધામે આવેલ દાન**

| | | |
|---|---|---|
| ૫૦૦૦ | ભા. ધનજી નારાણજી ભદ્રા | તેરા |
| ૨૦૫ | રસીકલાલ લક્ષ્મીદાસ દામા | હમલા |
| ૧૦૦૧ | એસ.ટી. પટેલ(એડવોકેટ) | ભુજ |
| ૨૦૧ | હરિ સાહેબ ભરોસે | પરજાઉ |
| ૧૦૦૧ | હેમરાજ બુધિયા દામા | ઉસ્તીયા |
| ૫૧ | ચેતન બાબુલાલ | ચિયાસર |
| ૫૧ | દિવ્યા અજય જોષી | રાજકોટ |
| ૫૦૧ | શંભુરામ ડુંગરશી ખીચડા | ઉસ્તીયા |
| ૧૧૦૦ | કાજુવાડી ભાનુશાલી મિત્ર મંડળ | મુંબઈ |
| ૨૫૧ | લક્ષ્મીદાસ મંગલદાસ ભદ્રા | રવા |
| ૨૧૦૦ | વસંત માવજી ગજરા | મહીરપર |
| ૫૦૦ | મુરજી પ્રેમજી ખાનિયા | રામપર-અબડા |
| ૧૦૦૦ | કિરણ રામજી ભદ્રા | રવા |
| ૫૦૧ | પ્રતિક દયારામ મંગે | વિંઝાણ |
| ૫૦૧ | ગં.સ્વ. ભચીબેન નાથાલાલ જોઈસર | નુંધાતડ |
| ૧૧૦૦ | મયુર ભાનુશાલી | મુંબઈ |
| ૧૦૦૦ | રામજી હરજી ગોરી | હમીરપર |
| ૫૦૦ | ભાવિક કિશારે તન્ના | મોથાળા |
| ૨૫૧ | કનૈયાલાલ વાલજી ગજરા | જંગડિયા |
| ૫૦૦ | વિઠ્ઠલદાસ વેરશી નંદા | બાલાચોડ |
| ૧૦૦ | શંકરલાલભાઈ ગોરી | બારા |
| ૧૦૧ | આશિષ બી. ભાનુશાલી | વમોટી નાની |
| ૧૦૧ | મેહુલ બી. ભાનુશાલી | વમોટી નાની |
| ૧૦૧ | માધવી એમ. ભાનુશાલી | વમોટી નાની |
| ૧૦૧ | પુષ્પાબેન બી. ભાનુશાલી | વમોટી નાની |
| ૧૦૧ | ભીમજી સી. ભાનુશાલી | વમોટી નાની |
| ૨૫૧ | જયેશ બી. ભાનુશાલી | મુંબઈ |
| ૨૦૧ | મહેન્દ્ર અરજણ મંગે | જખૌ |
| ૧૦૧ | વિનોદ મંગે | મુંબઈ |
| ૫૦૦ | રામજી મનજી કટારીયા | પ્યાકા |
| ૨૦૧ | નાથાલાલ માવજી માવ | નરેડી |
| ૧૫૧ | જશોદાબેન લીલાધર ગજરા | વમોટી નાની |
| ૧૦૧ | સુભાષભાઈ જોષી | નારાણસર |
| ૫૦૧ | કિશોર કાનજી તન્ના | મોથાળા |
| ૫૦૧ | ગુજરાત વિદ્યાપીઠ | અમદાવાદ |
| ૫૦૧ | ઊદય મંગલદાસ મંગે | સાંધાણ |
| ૧૧૦૦ | શેઠ લીલાધર મોરારજી ભીમાણી પ્રાથમિક શાળા - માંડવી | |
| ૨૦૧ | હરેશ શામજી ચાંદ્રા | સાંધાણ |
| ૧૦૦ | રતન શંકરલાલ નંદા | બાલાચોડ નાની |
| ૫૦૧ | પ્રેમજી વલ્લભજી ચાંદ્રા | સાંધાણ |
| ૨૦૦ | કનૈયાલાલ વાલજી ગજરા | જંગડીયા |

## લાખણિયા ગામનું ગૌરવ

## કટારીયા પરિવારનું ગૌરવ

અ
ભિ
નં
દ
ન



અ
ભિ
નં
દ
ન

## ચિ. ઉમંગ અરવિંદ કટારીયા (લાખણિયા)

**C.A. Chartered Accountant**

મોમાઈ માતાજીની અસીમ કૃપાથી (C.A.) ફાઈનલ પાસ કર્યા બદલ ખૂબ ખૂબ અભિનંદન.
જીવનમાં દરેક ક્ષેત્રે પ્રગતિ કરો એવી હાર્દિક શુભેચ્છા.

| | | |
|---|---|---|
| દાદા - દાદી | : | ભા. શામજી હરજી કટારીયા |
| | | સ્વ. લક્ષ્મીબેન શામજી કટારીયા |
| પિતા - માતા | : | ભા. અરવિંદ શામજી કટારીયા |
| | | સ્વ. મધુરીબેન અરવિંદ કટારીયા |
| નાના - નાની | : | સ્વ. જાદવજી લક્ષ્મીદાસ નંદા - બીટ્ટા |
| | | ગં.સ્વ. ભચીબાઈ જાદવજી નંદા - બીટ્ટા |

**સમસ્ત શામજી હરજી કટારીયા - લાખણિયાવાલા પરિવાર**
**તથા જાદવજી લક્ષ્મીદાસ નંદા-બીટ્ટાવાલા પરિવાર**

**: શુભેચ્છક :**

# KATARIA ENTERPRISES

**MIDC - DOMBIVALI**

# દિવંગત આત્માઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



સ્વ. નરશીભાઈ કલ્યાણજી મંગે
મોથાળા
તા. ૧૫.૧.૨૦૧૪



સ્વ. નારાણજી વિસરામ ગજરા
બાલાપર
તા. ૧૮.૧.૨૦૧૪



સ્વ.ગં.સ્વ. માતુશ્રી પાર્વતીબેન
મોનજી મેઘજી હુરબડા-
હાજાપર તા. ૨૫.૧.૨૦૧૪



સ્વ. જગદીશ(વલિયો)
દામજી લાલજી દામા - નલિયા
તા. ૨૨.૧.૨૦૧૪



સ્વ.વસંત ખેરાજ ધભ્ભા
હાજાપર
તા. ૨૧ .૧.૨૦૧૪



સ્વ.શામજી હમીર ભાનુશાલી
નરેડી
તા. ૧૯ .૧.૨૦૧૪



સ્વ.રમેશ શંભુરામ કટારમલ
લાખણીયા
તા. ૧૩ .૧.૨૦૧૪



સ્વ. કાનજી ગાંગજી ગજરા
- નાની વમોટી
તા. ૨૫. ૧.૨૦૧૪



સ્વ. પ્રાગજી મેઘજી
ચુનડા બીટ્ટા
તા. ૨૫ ૧. ૨૦૧૪



સ્વ.હીરબાઈ પ્રધાનભાઈ ભદ્રા
સાંધાણ
તા. ૨૧ .૧.૨૦૧૪

સ્વર્ગસ્થ આત્માઓના કલ્યાર્થે ગૌસેવામાં દાન
અર્પણ કરી
રાતાતળાવ સેવાધામે ચાલતી ગૌસેવાને
પીઠબળ પુરું પાડવા વિનમ્ર નિવેદન







દેશના મહાન ક્રાંતિવીરોના ક્રાંતિગુરૂ એવા પંડિત શ્યામજી કૃષ્ણવર્માનું નામ ભારતના ઈતિહાસના પાને અમર થયું છે. દરેક ભાનુશાલી જ્ઞાતિજનોને ગર્વ છે. જેમના બહુમાન રૂપે માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્‌હસ્તે તેમના નિવાસ સ્થાન માંડવીમાં આશરે ૧૦૦ એકરમાં પંડિતજીના સ્મરણાર્થે ક્રાંતિતિર્થ નામનું સ્મારક ગુજરાત સરકાર દ્વારા નિર્માણ થયેલ છે. માટે દરેક જ્ઞાતિ બાંધવને મારી નમ્ર વિનંતી છે કે વતન જતી વખતે તમારા પ્રવાસમાંથી સમય ફાળવી અવશ્ય માંડવી જઈ ક્રાંતિતિર્થના દર્શન જરૂર કરશો.

જય હિન્દ ! ભારત માતા કી જય !!

(ગુરુવારે બંધ રહેશે)

*મહેન્દ્ર જેઠાલાલ ગજરા - ધુણઈ*

*૯૮૨૧૦૩૦૮૯૧*


**: શુભેચ્છક :**

સુરેશભાઈ : ૦૯૮૨૪૦ ૬૬૩૭૫
બાબુલાલ : ૦૯૮૨૪૦ ૫૪૯૦૦
મહેન્દ્રભાઈ : ૦૯૮૨૧૦ ૩૦૮૯૧

**સહકાર ઈન્ડસ્ટ્રીઝ**

SPECIALIST : SORTEX CLEAN WHEAT

બ્રાન્ડ : લવ સ્ટોરી, સનરોઝ, ડબલ કમાન્ડો, શહેનશાહ

શ્રી હરિ કુટીરની સામે, ઘઉં ફેક્ટરી, મોરબી હાઈવે, પેટ્રોલ પંપની પાસે, પો. બેડી, જી. રાજકોટ.

મહેન્દ્રભાઈ : ૦૯૮૨૧૦૩૦૮૯૧
ઓ : ૨૭૮૩ ૧૩૧૯ / ૨૭૮૩ ૦૨૩૨
ઘર : ૨૫૬૨ ૧૪૮૭

**મીહીર ટ્રેડિંગ કું.**
**વિશાલ ટ્રેડિંગ કું.**

Grain, Pulses, Oil Seeds Merchant & Comm. Agent.

બ્રાન્ડ : કમાન્ડો, ડબલ કમાન્ડો, ટોપગ્રીન, બેસ્ટ ગ્રીપ, વર્લ્ડકપ, સોનેરી દાણા

પી-૩૦/૧૧, એપીએમસી માર્કેટ ફેસ - ૨, વાશી, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૩.

# ભેટ-સોગાદ સાગર

સેવાધામ રતાતળાવના વિકાસાર્થે તથા સંતશ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળ-ગૌસેવાર્થે શુભ પ્રસંગે ઉદાર અનુદાન આપનારા પરિવારોનો ખૂબ ખૂબ આભાર - અભિનંદન-અભિવાદન.



અમદાવાદ ખાતે શ્રી કાંતિલાલ વેલજી કટારીયાના લઘુબંધુ શ્રી મહેશભાઈના સુપુત્ર ચિ. પરાગ તથા શ્રી વિજય ઉમરશી માવ - નુંધાતડ હાલે વલસાડની સુપુત્રી ચિ.દિપ્તીના શુભલગ્ન પ્રસંગે સંસ્થા પ્રમુખશ્રી ઉમરશીભાઈ, શ્રી દામજી રામજી ગજરા, શ્રી રમેશ રતનશી ગજરા, શ્રી કાંતીલાલ ગોવિંદજી શેઠિયાએ હાજરી આપી હતી. આ શુભ પ્રસંગે શ્રી મહેશભાઈ વેલજી કટારીયા - પ્યાકાવાલા તરફથી રૂા. ૨૫૦૦૦/- તથા તેમના વેવાઈ શ્રી વિજય ઉમરશી માવ - નુંધાતડ તરફથી રૂા. ૨૫૦૦૦/- સંસ્થાને ભેટ આપવામાં આવ્યા. જેને હર્ષથી વધાવી લેવામાં આવ્યા.

શ્રી કાંતીભાઈ તથા તેમના ભાઈઓના પરિવારને તથા વેવાઈને ખુબ ખુબ વધાઈયું.

## આભાર



